કચ્છ ઉદય

રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો

સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595

સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

Website : www.kutchuday.com

તા.૨૨ એપ્રિલ, ૨૦૨૪ સોમવાર

E-mail : kutchuday@gmail.com

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

કચ્છ ઉદય

મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો

-: મુકેશભાઈ ગોર :-

90990 79342, 98790 41665

૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૨૮૫◆વર્ષ : ૩૦ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૦ ◆ચૈત્ર સુદ-૧૪◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# સુશાસનનો પર્યાય એટલે મોદી સરકાર :સીએમ

**મુખ્યમંત્રીએ નખત્રાણા ખાતે જંગી ચૂંટણી સભાને કર્યુ સંબોધન : કચ્છ-મોરબી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાને રાજ્યમાં સૌથી વધુ લીડ સાથે દિલ્હી મોકલવા કર્યો અનુરોધ : મુખ્યમંત્રીએ વિપક્ષો પર કર્યા પ્રહાર**





## નખત્રાણા ખાતે અબડાસા વિધાનસભા મધ્યસ્થ કાર્યાલય ખુલ્લું મુકાયું



નખત્રાણા : લોકસભા ચૂંટણી માટે મતદાનનો દિવસનજીક આવી પહોંચ્યો છે ત્યારે કચ્છમાં ભાજપાએ ચૂંટણી પ્રચાર-પ્રસારને વેગવાન બનાવ્યો છે. આજે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ચૂંટણી સભાને સંબોધવા કચ્છ પહોંચ્યા હતા. તેમની ઉપસ્થિતિમાં નખત્રાણા ખાતે અબડાસા વિધાનસભા ચૂંટણી કાર્યાલયને ખુલ્લું મુકવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અબડાસા વિધાનસભા હેઠળના નલિયા, નખત્રાણા અને લખપત તાલુકાના પાર્ટી સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ સાથે પરામર્શ કરી ચૂંટણી સંબંધી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ વેળાએ ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ વગેરેએ કચ્છ બેઠક પરથી પાંચ લાખથી વધુની લીડ અપાવે તેવી ખાતરી મુખ્યમંત્રીશ્રીને આપવામાં આવી હતી. આ પ્રસંગે નલિયા, નખત્રાણા, લખપત તાલુકા સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## મહેશ્વરી સમાજના નરેશ મહેશ્વરી સહિતના ભાજપમાં જોડાયા



નખત્રાણા : ભાજપના ભરતીમેળામાં આજે અ.જા.ના મોટા ભાગના નેતા નરેશભાઈ મહેશ્વરી સાથે ૫૦૦ જેટલા કાર્યકરો જોડાયા હતા. જેમાં કચ્છમાંથી મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો રહી ચુકેલા નેતાઓએ ભાજપનો ભગવો ભેખ ધારણ કર્યો હતો.

## પીએમ જાડેજાએ જોશીલું - સચોટ ભાષણ આપી મેદાન મારી ગયા

નખત્રાણા : મુખ્યમંત્રીની જાહેરસભામાં અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ કચ્છીમાં વિકાસ ગાથા વર્ણવીને લોકોના દિલ જીતી લીધા હતા. ખુદ મુખ્યમંત્રી ધારાસભ્ય જાડેજાના ભાષણને તાળીઓથી વધાવી લીધો હતો અને ઉપસ્થિત જનમેદનીએ જય જયશ્રી રામના નારા - જયઘોષ વચ્ચે વધાવી લીધા હતા. શ્રી જાડેજાનું ટુંકુંને ટચ પ્રવચન એક ઘા ને બે કટક સમાન રહ્યો હતો અને મેન ઓફ ધી મેચ રહ્યો હતો. તો મુખ્યમંત્રીએ માતાનામઢ ખાતે માં આશાપુરાના દર્શન કર્યા બાદ જાગીર શાખાના આગેવાનો સાથે મુલાકાત કરી હતી. તે વેળાએ અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ પોતાની સાદગીનું ઉદાહરણ પુરૂં પાડી મુખ્યમંત્રી અને જાગીર ટ્રસ્ટના અધ્યક્ષ રાજાબાવાની વચ્ચે જમીન પર પલાખી વાળીને બેસી ગયા હતા.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દેશ દેવીના ચરણોમાં નમાવ્યું શીશ



**કચ્છના ચૂંટણી પ્રવાસે આવેલા રાજ્યના મુખ્યમંત્રીએ નખત્રાણા ખાતે જંગી જાહેરસભાને સંબોધન કરતા પૂર્વે દેશદેવી મા આશાપુરાના દરબારમાં શીશ ઝુંકાવ્યું હતું. હવાઈમાર્ગે માતાના મઢ પહોંચેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને માતાના મઢ જાગીર ટ્રસ્ટ દ્વારા આવકાર અપાયો હતો. મુખ્યમંત્રીએ કચ્છ ધણિયાણી મા આશાપુરાના દર્શન કરી સર્વજનોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.**

નખત્રાણા : ભૂતકાળમાં સામાન્ય રીતે લોકસભાની ચૂંટણી આવે ત્યારે મતદારો કોને મત આપવો થેની દ્વિધામાં રહેતા હતા પરંતુ આ વખતે પ્રથમ એવી ચૂંટણી છે જ્યારે દેશભરના મતદારોમાં કોઈ સંશય નથી. ભાજપને મત આપી ૪૦૦થી વધુ બેઠક સાથે સતત ત્રીજી વખત દેશના

**અનુસંધાન પાના નં.૪ પર**

# ગૃહપ્રધાન હર્ષસંઘવી-રત્નાકરજીએ ભાવનગરમાં યોજી બેઠક

**ખાનગી હોટલમાં બે કલાક સુધી બેઠક યોજાઇ : BJP સાથે જોડાયેલા ક્ષત્રિય આગેવાનો સાથે બેઠક કરી : ધારાસભ્યો, સાંસદ, સંગઠનના પદાધિકારીઓ હાજર રહ્યાં**



ગાંધીનગર : ક્ષત્રિય આંદોલનને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. જેમાં હર્ષ સંઘવી, સંગઠન મહામંત્રી રત્નાકરે બેઠક કરી છે. તેમાં ખાનગી હોટલમાં બે કલાક સુધી બેઠક યોજાઇ હતી. જેમાં ભાજપ સાથે જોડાયેલા ક્ષત્રિય આગેવાનો સાથે બેઠક યોજાઇ છે. તેમજ ધારાસભ્યો, સાંસદ, સંગઠનના પદાધિકારીઓ હાજર રહ્યાં હતા. ક્ષત્રિય સમાજના આંદોલનને શાંત કરવાના પ્રયાસો થઈ રહ્યાં છે ક્ષત્રિય સમાજના આંદોલનને શાંત કરવાના પ્રયાસો થઇ રહ્યાં છે. જેમાં લોકસભાની ચૂંટણીની તારીખ નજીક આવી રહી છે તેમ ભાજપમાં ચિંતા વધી રહી છે. જેમાં આજે હર્ષ સંઘવી,

**અનુસંધાન પાના નં.૪ પર**

# સુરત બેઠક બિનહરીફ જાહેર થશેના સંકેત

## ૮ માંથી ૭ અપક્ષ ઉમેદવારોએ ફોર્મ પાછા ખેચ્યાં

સુરત : સુરત લોકસભા બેઠકને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. સુરતમાં ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને બિનહરિફ જાહેર કરવાની કવાયત તેજ બની છે. મળતી માહિતી મુજબ ૮ અપક્ષ ઉમેદવારો માંથી ૭ ઉમેદવારો પોતાના ફોર્મ પાછા ખેંચી લીધા છે અને અન્ય ૧ને પણ મનાવવાની પ્રયાસો થઈ રહ્યા છે.આ સાથે સુરતમાં ગઈકાલે કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણીનું પણ ફોર્મ રદ થઈ ગયુ છે, ત્યારે હવે જો તે બેઠક પર તમામ અપક્ષ ઉમેદવારો પોતાના ફોર્મ પાછા ખેંચી લે તો બેઠક બિનહરીફ થવાની શક્યતા જોવા મળી રહી છે.સૂત્ર પાસેથી મળતી માહિતી મુજબ સુરત બેઠક પર ૮ માંથી ૭ ઉમેદવારો પોતાના ફોર્મ પાછા ખેંચી ચૂક્યા છે ત્યારે હવે જો એક ઉમેદવાર બાકી છે તે પણ ફોર્મ પરત ખેંચી લે તો આ બેઠક પર ઈતિહાસ સર્જાય શકે છે.મળતી માહિતી મુજબ થોડીવારમાં અપક્ષ ઉમેદવાર સુરત કલેકટર કચેરીએ પહોંચશે. ૮ અપક્ષ ઉમેદવારમાંથી ૭ અપક્ષ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા છે. એક અપક્ષ ઉમેદવાર ફોર્મ પરત ખેંચી લે તો સુરત બેઠક બિનહરીફ થઈ જશે. ત્યારે હવે ભાજપના મુકેશ દલાલ બિનહરીફ જાહેર થઈ શકે તેવી સૂત્ર પાસેથી માહિતી મળી રહી છે.આ અંગે આજે બપોરે ૩ વાગ્યા સુધીમાં સ્પષ્ટતા થઈ જશે, કારણ કે આજે ઉમેદવારી પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે ત્યારે સુરત બેઠક બિનહરિફ થાય છે કે નહી તેના પર બધાની નજર રહેશે. ૭૩ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત સુરતની બેઠક પર કોંગ્રેસનો એકપણ ઉમેદવાર નહીં હોય, આ બેઠક પર કુંભાણીએ ફોર્મ ભર્યુ હતુ પરંતુ ટેકેદારો તેમજ તેમની સહિ અયોગ્ય ઠરતા ફોર્મ રદ થઈ ગયુ હતુ.

# હવે બીજા તબક્કાની ચૂંટણીનું બ્યુગલ ફુંકાયુ

**બીજા તબક્કાની હાઈપ્રોફાઈલ બેઠકોઃ વાયનાડમાં રાહુલ ગાંધીની પરીક્ષા : ૩ કેન્દ્રીય મંત્રીઓ અને ૨ પૂર્વ મુખ્યમંત્રીઓની પ્રતિષ્ઠા દાવ પર લાગશે**



નવી દિલ્હી : પ્રથમ તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ હવે બીજા તબક્કાનું બ્યુગલ વાગી ગયું છે. બીજા તબક્કાનું મતદાન ૨૬ એપ્રિલે થશે. ૨૪મી એપ્રિલની સાંજથી ઝુંબેશ બંધ થઈ જશે. ૧૨ રાજ્યોની ૮૮ લોકસભા સીટો પર મતદાન થશે. આ બેઠકો માટે કુલ ૧૨૦૬ ઉમેદવારો મેદાનમાં છે. બીજા તબક્કામાં ઘણા દિગ્ગજ સૈનિકોની વિશ્વસનીયતા પણ દાવ પર છે, ચાલો જાણીએ તે હાઈ-પ્રોફાઈલ બેઠકો જેના પર સમગ્ર દેશની નજર રહેશે. બીજા તબક્કામાં કેરળની તમામ ૨૦ લોકસભા સીટો પર મતદાન થશે. આ બેઠકોમાંથી એક વાયનાડ છે. કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધી બીજી વખત અહીંથી ચૂંટણી લડી રહ્યા છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં રાહુલ ગાંધીએ ૪,૩૧,૭૭૦ મતોથી ચૂંટણી જીતી હતી. ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટીએ રાહુલ ગાંધી સામે મહિલા ઉમેદવાર એની રાજાને મેદાનમાં ઉતાર્યા છે. દરમિયાન, પીઆર કૃષ્ણકુટ્ટી બહુજન સમાજ પાર્ટી તરફથી ચૂંટણી લડી રહ્યા છે. રાહુલ ગાંધી સામે ભાજપ. સુરેન્દ્રન પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. વાયનાડમાં પાંચ અપક્ષ સહિત કુલ નવ ઉમેદવારો મેદાનમાં છે.છત્તીસગઢની રાજનાંદગાંવ લોકસભા સીટ બીજા તબક્કાની હાઈ-પ્રોફાઈલ સીટોમાંથી

**અનુસંધાન પાના નં.૪ પર**

# પ્રથમ તબકકામાં 3 ટકા ઓછુ મતદાનઃ ચૂંટણી પંચ ચિંતીત

નવી દિલ્હી : દેશમાં લોકસભાની પ્રથમ તબકકાની ૧૦૨ બેઠકોની ચૂંટણીમાં મતદાન ૨૦૧૯ ની સરખામણીએ ત્રણ ટકા ઓછુ થતા ચૂંટણી પંચ ચોંકી ઉઠયુ છે. હવે બાકીનાં છ તબકકામાં મતદાન વધે તે માટે નવી રણનીતિ તૈયાર કરવામાં આવી છે.લોકસભાની ચૂંટણીમાં ૨૧ રાજયોની ૧૦૨ બેઠકો પર ૧૯ એપ્રિલે મતદાન યોજાયુ હતું જે ૨૦૧૯ કરતા ત્રણ ટકા ઓછુ હતું. છેલ્લામાં છેલ્લા આંકડા મુજબ સરેરાશ ૬૬ ટકા મતદાન રહ્યું છે.અંતરીયાળ ભાગોનાં આંકડા મોડા આવતા હોવાના કારણોસર હજુ ૦.૧ થી ૦.૨ ટકાની વૃધ્ધિ શકય છે છતા ૨૦૧૯ માં આ ૧૦૨ બેઠકો પર સરેરાશ ૬૯.૨ ટકા મત પડયા હતા અને તેના કરતાં આ વખતે મતદાન ત્રણ ટકા જેટલુ ઓછુ રહ્યું છે.ચૂંટણી પંચના સુત્રોએ કહ્યું કે ૨૦૧૯ કરતા પણ વધુ મતદાન થાય તેવા ચૂંટણી પંચનાં પ્રયત્નો હતા. પરંતુ હકીકતમાં મતદાનમાં ઘટાડો થવાની ચિંતા છે. મતદારોમાં ઉત્સાહ જણાયો હતો પરંતુ મત આપવા મતદાન મથક સુધી જવાનું ટાળ્યુ હોવાની છાપ છે.મતદાન વધારવા ચૂંટણી પંચે ભરચકક પ્રયત્નો કર્યા જ હતા. સેલીબ્રીટીઓને એમ્બેસેડર બનાવીને મતદાનની અપીલ ક્રિકેટ બોર્ડ સાથે સહયોગ મેળવીને આઈપીએલ દરમ્યાન પ્રચાર, મતદાન બુથો પર અનેકવિધ સુવિધા, મતદાન જાગૃતિનાં શ્રેણીબદ્ધ કાર્યક્રમો જેવા અનેક

**અનુસંધાન પાના નં.૪ પર**

## અરવિંદ કેજરીવાલને HCથી ફટકો, ૭૫ હજારનો દંડ ફટકાર્યો

નવી દિલ્હી : દિલ્હી શરાબ કૌભાંડ કેસમાં ધરપકડ થયેલ ઝસ અરવિંદ કેજરીવાલની વિશેષ વચગાળાના જામીનની અરજી પર સોમવારે હાઈકોર્ટમાં સુનાવણી હાથ ધરાઇ હતી. દિલ્હી હાઈકોર્ટે વિશેષ વચગાળાના જામીનની અરજી ફગાવી અને ૭૫ હજારનો દંડ ફટકાર્યો હતો.હાઈકોર્ટમાં દાખલ કરાયેલી પીઆઈએલ દ્વારા, કોર્ટમાંથી માંગ કરવામાં આવી હતી કે સીએમ અરવિંદ કેજરીવાલને તેમના બાકીના કાર્યકાળ માટે વિશેષ વચગાળાના જામીન આપવામાં આવે. આ કેસની સુનાવણી દરમિયાન દિલ્હી હાઈકોર્ટે અરજી ફગાવી દીધી છે અને અરજદાર પર ૭૫ હજાર રૂપિયાનો દંડ પણ લગાવ્યો છે.

## તિકડમ !

– દેવેન વ્યાસ



**પિતાજી તમે જો મારી બા સાથે ઝગડો કરશો તો હું તેને લઈને નાનાને ઘરે જતો રહીશ!**

## POK અમારું હતું, અમારું છે અને અમારું જ રહેશે’

### રાજનાથ સિંહના પાકિસ્તાન પર આકરા પ્રહાર





નવી દિલ્હી : પશ્ચિમ બંગાળના દાર્જિલિંગમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે રાજનાથ સિંહે મોટું નિવેદન આપ્યું છે. સંરક્ષણ પ્રધાને સ્પષ્ટ કર્યું કે PoK ભારતનો હતું, છે અને હંમેશા રહેશે. લોકસભાની ચૂંટણી માટે ભાજપ દ્વારા સતત રેલીઓ યોજવામાં આવી રહી છે. આ સંદર્ભમાં ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથ અહીં પહોંચ્યા હતા. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહ્યું છે કે, ભારતની તાકાત વધી રહી છે અને ટૂંક સમયમાં જ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર ના લોકો પોતે ભારત આવવાની માંગ કરશે. રાજનાથ સિંહે રવિવારે (૨૧ એપ્રિલ) કહ્યું, ચિંતા કરશો નહીં. PoK અમારું હતું, છે અને હંમેશા રહેશે. ભારતની તાકાત વધી રહી છે. સમગ્ર વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા પણ વધી રહી છે. આપણું અર્થતંત્ર પણ ઝડપથી વધી રહ્યું છે. લોકોને સંબોધતા તેમણે વધુમાં કહ્યું કે, હવે પીઓકેમાં

**અનુસંધાન પાના નં.૪ પર**

## શેરબજારમાં તેજીનો માહોલ

નવી દીલ્હી : ભારતીય શેરબજારે જોરદાર ગતિ સાથે શરૂઆત થઈ હતી. સેન્સેક્સ ૫૭૮.૧૮ પોઈન્ટના વધારા સાથે ૭૩,૬૬૬ પર ખૂલ્યો હતો. તો નિફ્ટી ૧૮૯.૯૦ પોઈન્ટ વધારા સાથે ૨૨,૩૩૬ પર ખુલ્યો હતો. ભારતીય શેરબજારમાં સતત ઘટાડા બાદ આજે ફરીથી તેજી જોવા મળી છે સેન્સેક્સ અને નિફ્ટી ગ્રીન ઝોનમાં ખુલતા રોકાણકારોએ રાહતનો શ્વાસ લીધો છે. સપ્તાહના પ્રથમ ટ્રેડિંગ દિવસે ભારતીય શેરબજારે જોરદાર ગતિ સાથે શરૂઆત કરી છે.તમને જણાવી દઈએ કે, ઈઝરાયલ અને ઈરાન યુદ્ધની અસર શેરબજાર પર જોવા મળી હતી.

## સૂર્ય મિશન પર ISRO ચીફે આપ્યા સારા સમાચાર



નવી દીલ્હી : સૂર્યના રહસ્યોને સમજવામાં લાગેલા ભારતના આદિત્ય L1 વિશે ISROએ મોટી માહિતી આપી છે. વાત જાણે એમ છે કે, ISRO એટલે કે ભારતીય અવકાશ સંશોધન સંસ્થાના વડા એસ. સોમનાથે રવિવારે કહ્યું કે, દેશની પ્રીમિયર સ્પેસ રિસર્ચ એજન્સીનું આદિત્ય L1 સોલાર મિશન સૂર્ય વિશે સતત ડેટા મોકલી રહ્યું છે. જ્વેલરી કંપની PC ચંદ્ર ગ્રૂપ દ્વારા વિશેષ પુરસ્કારથી સન્માનિત થયા બાદ સોમનાથે કોલકાતામાં પત્રકારોને જણાવ્યું હતું કે, અવકાશયાનના ઘણા સાધનો ઘણા પાસાઓ પર ડેટા ફીડ કરવા માટે સતત કામ કરી રહ્યા છે.સૂર્ય મિશન અંગે વધુ માહિતી આપતાં ISROના વડા સોમનાથે જણાવ્યું હતું કે, અમે સૂર્યનું સતત અવલોકન કરીએ છીએ જેમાં અલ્ટ્રાવાયોલેટ મેગ્નેટિક ચાર્જની ગણતરી કોરોના ગ્રાફ ઓબ્ઝર્વેશન એક્સ-રે ઓબ્ઝર્વેશન અને અન્ય બાબતોનો સમાવેશ થાય છે. ભારતનું પ્રથમ સૌર મિશન વાહન આદિત્ય ન્૧ ૨ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. ISROના ચીફ સોમનાથે પત્રકારોને જણાવ્યું હતું કે, અમે આ ઉપગ્રહને પાંચ વર્ષ

**અનુસંધાન પાના નં.૪ પર**

# સૌનો સાથ સૌનો વિકાસ એ માત્ર એક સૂત્ર નથી, મોદીજીની ગેરંટી છે : વિનોદભાઈ ચાવડા

**ભાજપના લોકસભાના ઉમેદવારે કચ્છના વિવિધ ગામડાઓમાં કર્યો ચૂંટણી પ્રવાસ**









ભુજ : લોકશાહીના મહાપર્વ માટે આ વર્ષ નિર્ણાયક છે કારણ કે દેશ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત સાથે આગળ વધી રહ્યો છે. વડાપ્રધાન કહે છે કે વિકસિત ભારતની ભવ્ય ઈમારત ૪ મજબુત સ્તંભો પર ઉભી રહેશે. આ સ્તંભો છે યુવા શક્તિ, નારી શક્તિ, કિશાન અને ગરીબ. આ બધાના સપના એક સરખા છે. આપણે આ સ્તંભોને મજબૂત કરવા છે.

આપણી સરકાર તે માટે કૃત સંકલ્પ છે તેમ જણાવતા ભાજપના કચ્છ લોકસભા ઉમેદવાર અને ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રી વિનોદભાઈ ચાવડાએ ભુજ તાલુકા ખાતે ચુંટણી પ્રવાસમાં વધુને વધુ મતદાન થાય માટે અપીલ કરતા ભાજપ અબકી બાર ૪૦૦ પાર અને ફિર સે મોદીજી કી સરકાર માટે ભાજપને મત આપવા આહ્વાન કર્યું હતું. આ પ્રવાસ કાર્યક્રમમાં સુરજપર અને ભારાપર ગ્રામ પંચાયતના હોદ્દેદારોએ ભાજપના ઉમેદવાર વિનોદ ચાવડાને ગામમાંથી ૧૦૦ ટકા મતદાન ભાજપની તરફેણ થશે તેવી ખાતરી આપવામાં આવી હતી.

ભુજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામજનો દ્વારા ભાજપના ઉમેદવારને અભૂતપૂર્વ આવકાર આપવામાં આવ્યો હતો. વિનોદભાઈ ચાવડાએ ભુજ તાલુકાના ભારાપર, સેડાતા, વડઝર, સુરજપર, બળદિયા, કેરા, કુંદનપર, ગજોડ, ચુનડી અને નારાણપર ગામના ગ્રામજનો સાથે બેઠક યોજી હતી.

આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, ભુજ તાલુકા પંચાયત પ્રમુખ વિનોદભાઈ વરસાણી, જિલ્લા પંચાયતના પૂર્વ અધ્યક્ષા પારૂલબેન કારા, કૌશલ્યાબેન માધાપરીયા, જિલ્લા પંચાયત - તાલુકા પંચાયત - નગરપાલિકાના સદસ્યો, પાર્ટી આગેવાનો સાથે કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બીકેટી દ્વારા નવચેતન અંધજન મંડળ તેમજ તાલુકા હેલ્થ સેન્ટર-માધાપર ખાતે વિવિધ કામોનું લોકાર્પણ



ભુજ : બાલક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ લિ.(બીકેટી) તરફથી સામાજિક જવાબદારી અંતર્ગત નવચેતન અંધજન મંડળ, માધાપર અને તાલુકા હેલ્થ સેન્ટર-માધાપર ખાતે કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

માધાપર સ્થિત નવચેતન અંધજન મંડળ સંચાલિત વિકલાંગ વિદ્યાવિહાર ખાતે કુલ રૂ. ૧૧,૩૪,૫૦૦ના કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જેમાં લોખંડના કબાટ અને ૭૦૦૦ સ્કવેર ફીટનો શેડ બનાવી આપવામાં આવેલ છે. નવચેતન અંધજન મંડળના ટ્રસ્ટી લાલજીભાઈ પ્રજાપતિ (જનરલ સેક્રેટરી), હિમાંશુભાઈ સોમપુરા (સેક્રેટરી) અને ઝીણાભાઈ દબાસિયા (ટ્રેઝરર) એ આ કામને બિરદાવ્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે, આ શેડ વિવિધ પ્રવૃત્તિઓ, ઈન્ડોર ગેમ, કાર્યક્રમો કરવામાં ઘણો જ ઉપયોગી બનશે. બીકેટીના સીએસઆર અને લાયઝનના હેડ ડી. બી. ઝાલાએ કંપનીના મેનેજમેન્ટનો આભાર માન્યો હતો કે આવા કામ કારવાનો મોકો આપે છે.

સમગ્ર સ્ટાફગણ અને વિદ્યાર્થીનીઓએ સ્વાગત કર્યું હતું તેમજ મોમેન્ટો આપી પ્રતીકરૂપે કંપનીના અધિકારીઓનું સન્માન કર્યું હતું.

માધાપર ખાતે આવેલા તાલુકા હેલ્થ સેન્ટરમાં રૂ. ૧,૩૫,૨૦૦ના કામોના લોકાર્પણ અંતર્ગત અદ્યતન સુવિધાઓવાળા કોમ્પ્યુટર સેટ નંગ-૨ તેમજ પ્રિન્ટર આપવામાં આવ્યા હતા. તાલુકા હેલ્થ સેન્ટર માધાપરના મુખ્ય અધિકારી ડોક્ટર કેશવ કુમારે આ કાર્યને બિરદાવ્યું હતું અને કહ્યું હતું કે આજના સમયમાં આજની માંગ પ્રમાણે કામ કરવા માટે ખૂબજ ઉપયોગી નિવડશે. હેલ્થ સેન્ટર દ્વારા બીકેટીના અધિકારીઓને સન્માનવામાં આવ્યા હતા. બાલક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ લિ. તરફથી સીએસઆર અને લાયઝન હેડ ડી.બી. ઝાલા, સીએસઆર અને લાયઝન સિનિયર ઓફિસર ડી.ડી. રાણા, નટુભા પરમાર અને પ્રત્યંચ અંજારીઆ ઉપસ્થિત રહ્યા હતા.

# ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિતે ભુજમાં કાર્યાલય ખુલ્લું મુકાયું




ભુજ : તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ પ્રેરીત તથા ભુજ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ યુવા પાંખ દ્વારા આયોજીત ભગવાન પરશુરામ જન્મોત્સવ - ૨૦૨૪ અંતર્ગત કાર્યાલયનું ઉદ્દઘાટન ફોનવાલે શોપની બાજુમાં જિલ્લા શિક્ષણ કચેરી જ્યુબિલી સર્કલ પાસે કરાયું હતું.

કાર્યાલય શુભારંભ પ્રસંગે દિપ પ્રાગટય ભુજ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ પ્રમુખ રાજેશ ગોર, રાહુલ ગોર, હિરાલાલ અજાણી, મનોજ જોશી, રવિન્દ્ર ત્રવાડી, ભુજ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ યુવા પાંખના પ્રમુખ અનિક જોષી, ભુજ તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા મંડળના પ્રમુખ રીટાબેન ભટ્ટ સહિત વિવિધ અગ્રણીના હસ્તે કરાયું હતું.

આ કાર્યાલના ઉદ્દઘાટન પ્રસંગે ભુજ તાલુકાના સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ રાજેશ ગોરે જણાવ્યું હતું કે, ભગવાન પરશુરામના જન્મોત્સવની શોભાયાત્રા તા. ૧૦-૫ના યોજાનાર છે, તેના ભાગરૂપે અહીં સમાજના મહાનુભાવોના હસ્તે કાર્યાલયનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે.

સમગ્ર કચ્છમાં વસતા બ્રહ્મ સમાજને અપીલ કરતાં કહ્યું કે, કોઈ પણ કામ માટે ભુજ આવવાનું થાય ત્યારે કાર્યાલયની અવશ્ય મુલાકાત લ્યો, જેથી યુવાઓને માર્ગદર્શન અને ઉત્સાહમાં વધારો થશે. શોભાયાત્રામાં આયોજન બાબતે અનિકભાઈ જોષી અને બ્રહ્મ સમાજની ટીમ ઘરો ઘર જઈ આયોજન વિશે માહિતી આપશે. પરશુરામ જયંતિ તા. ૧૦-૫-૨૦૨૪ના સાંજે ૪ વાગ્યાથી પોતાના ધંધા રોજગાર બંધ રાખી સહપરિવાર શોભાયાત્રામાં હાજર રહેવા અપીલ કરી હતી. ઉદ્દઘાટન પ્રસંગે સમસ્ત બ્રહ્મ સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, મહિલા મંડળના સભ્યો વગેરે બહોળી સંખ્યામાં ભૂ-દેવો હાજર રહ્યા હતા.

# ખીરસરામાં આંબેડકર જન્મ જયંતિની ઉજવણી કરાઈ



નેત્રા : નખત્રાણા તાલુકાના ખીરસરા નેત્રા ગામે આંબેડકર જયંતિની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં સરપંચ પાલીબેન રાણા રબારી, સામાજિક ન્યાય સમીતિના ચેરમેન વનિતાબેન દિનેશ વાઘેલા, એટીવીટીના સભ્ય દિનેશભાઈ વાઘેલા, દિનેશ જોશી, જેઠા ગઢવી, હાર્દિક ગોસ્વામી, રાણા રબારી, પટેલ કરસન માવજી, કોલી હમીર ઝુમા, રતિલાલ કોલી, દાનાભાઈ કોલી, બળિયા લઘુભાઈ, બળિયા ચુનીલાલ, બલિયા કાનજીભાઈ, બલિયા મેઘજીભાઈ, બળિયા મોહન, બળિયા મુરજીભાઈ, બળિયા લખુભાઈ, વાઘેલા હીરાભાઈ, વાઘેલા રમેશભાઈ, વાઘેલા મગનભાઈ, વાઘેલા ડાયાભાઈ, વાઘેલા ધનજીભાઈ, વાઘેલા કિશોરભાઈ, ચાવડા પ્રજ્ઞેશભાઈ, નોડે ફિરોજભાઈ, વાઘેલા ઉમેશભાઈ, વાઘેલા ખેતાભાઈ, વાઘેલા કરસનભાઈ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**અખિલ કચ્છ ચારણ સભાના પ્રમુખ દેવરાજ ગઢવીની આગેવાનીમાં**

# ગઢવી સમાજના અખાત્રીજના યોજાનાર સમૂહલગ્ન અંગેની બેઠક માંડવી ખાતે મળી

**૧૬ નવદંપતિ પ્રભુતામાં પગલાં માંડશેઃ સમૂહ લગ્નોત્સવમાં દાતાઓ દ્વારા કરાયેલા દાનની જાહેરાત કરાઈ**

માંડવી : અખિલ કચ્છ ચારણ સભા સંચાલિત અને સમૂહલગ્ન સમિતિ માંડવી આયોજિત લક્ષ્મણરાગ ચારણ બોર્ડિંગ માંડવી ખાતે ૨૮મો સમૂહલગ્ન વૈશાખ સુદ-૩ (અખાત્રીજ) ના દિસે યોજાશે, જેમાં કુલ ૧૬ નવદંપતી પ્રભુતામાં પગલાં માંડશે, જે અનુસંધાને અખિલ કચ્છ ચારણ સભાની બેઠક પ્રમુખ દેવરાજભાઈ કરશનભાઈ ગઢવીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

આ વેળાએ કચ્છ ચારણ સભાના પ્રમુખ દેવરાજભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે, આઈ સોનલમાના આશીર્વાદથી સમૂહ લગ્નોત્સવ વટવૃક્ષ બની રહ્યો છે, જેના થકી સમાજની આર્થિક શક્તિ બચે છે અને સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધી રહ્યું છે. કન્યાઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધે. સરકારી નોકરીની તૈયારી કરતા દિકરા-દિકરીઓને ભુજમાં રહેવાની સારી વ્યવસ્થા થઈ રહી છે. આવનારા સમયમાં અમદાવાદ ખાતે આવી ઉત્તમ પ્રકારની વ્યવસ્થા કરવાની તૈયારીઓ ચાલી રહી છે. સમૂહલગ્નમાં સમાજ ઉપયોગી કાર્યમાં જોડાવા સર્વેને આહ્વાન કર્યું હતું. ભુજના પ્રખ્યાત ધારાશાસ્ત્રી દેવરાજભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે, સમાજનું કોઈપણ કાર્ય પોતાનું સમજી કરવામાં આવે છે ત્યારે સમાજની અને બાળકોની પ્રગતિ જરૂર થાય છે. માંડવી સમૂહલગ્ન સમિતિના પ્રમુખ ભચુભાઈ (પબુભાઈ) ગઢવીએ સમૂહલગ્નમાં જોડાયેલા સર્વેને શુભેચ્છા પાઠવી અને જણાવ્યું હતું કે, આ કાર્યમાં કોઈપણ કામની કચાશ નહીં રાખવા સમાજના સર્વે લોકોને તન-મન-ધનથી જોડાવા અપીલ કરી હતી. રાયણના દેવરાજભાઈ ગઢવીએ સમાજ દ્વારા ચાલતી સમૂહલગ્ન અને સેવાકીય પ્રવૃત્તિની સૌને માહિતી આપી હતી. પૂર્વ નાયબ કલેક્ટર દમયંતિબેન બારોટે જજણાવ્યું હતું કે, સામાજિક સંસ્કાર ખૂબજ જરૂરી છે અને પ્રગતિનો મુખ્ય પાયો છે. કાર્યક્રમને અનુરૂપ સૂચનો વડીલ ભીમશી બાપા, રાજદેવભાઈ વાસ્તા, નાગાજણ ગઢવી, રાણશીભાઈ ગઢવી વગેરેએ કર્યા હતા. ત્રીજા વર્ષે પ્રસાદના દાતા અર્જુનભાઈ વીરાભાઈ ગઢવી, વિજય અર્જુનભાઈ ગઢવી (મૂળ બાલાપર, હાલે ગોવા) રહેશે. જ્યારે દાતાઓ દ્વારા સમૂહલગ્ન માટે દાગીના તથા રોકડ દાન જાહેર કરાયું હતું, જેમાં વિરેન્દ્ર કાનાણી, વિરમભાઈ ગઢવી (નાના લાયજા), દેવરાજભાઈ ગઢવી (રાયણ), દેવરાજભાઈ ગઢવી (ભુજ), રાજદેભાઈ વાસ્તા (કાઠડા), હીરબાઈ માણશી બારોટ પરિવાર, રાણશીભાઈ ગઢવી (કોડાય), હરિભાઈ ગઢવી (મોટા રતાડિયા), પબુભાઈ ગઢવી (પીએસઆઈ ભાડા), વિરમભાઈ બાનાણી (મોટા રતડિયા) રહેશે. સરકારી યોજનાઓનો લાભ - લગ્નનોંધણી પ્રમાણપત્ર સહિતની જવાબદારી અંગેની માહિતી સામરા ગઢવીએ આપી હતી. ખુશાલ ગઢવી, અરવિંદ ગઢવી, હરિભાઈ મુરજીભાઈ ગઢવી, દિનેશ ગઢવી વગેરેની સામાજિક ક્ષેત્રે સેવાઓની નોંધ લેવામાં આવી હતી. આ બેઠકમાં મુરજીભાઈ કેશરિયા અને સામતભાઈ ગઢવી તથા આજુબાજુના ગામના અગ્રણીઓ જડાયા હતા. કાર્યક્રમનું સંચાલન નાગાજણભાઈ ગઢવીએ કર્યું હતું.

# કચ્છ સમાજ દ્વારા આશાપુરા મંદિર ભાવનગરનો પાટોત્સવ ઉજવાયો

**પૂજન-અર્ચન, ચરણ પાદુકા સહિતના કાર્યક્રમો યોજાયા**

ભુજ : ભાવનગર કચ્છ સમાજ દ્વારા નિર્મિત મા આશાપુરા મંદિરનો ૧૭ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. જેમાં બહોળી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટ્યા હતા.

કચ્છ સમાજ ૧૭ વર્ષથી આ મંદિરનો વહીવટ સંભાળે છે. ૧૮ મા વર્ષમાં મંગલ પ્રવેશે પાટોત્સવમાં સવારથી રાત દરમિયાન અનેક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જેમાં સવારે માતાજીનો જલાભિષેક, ચરણ પાદુકા, ધજા, ખડગ, યંત્રથી શાસ્ત્રોક્તવિધિથી પૂજા અર્ચના કરાઈ હતી ત્યારબાદ મંદિરના શિખર પર સમાજના સભ્યોએ નવી ધજા ચડાવી હતી. પુજાવિધિ અને પાટોત્સવમાં સમાજના પ્રમુખ મહેન્દ્રભાઈ શાહ, ઉપપ્રમુખ ડો.રવિભાઈ પટેલ તથા હોદ્દેદારો રઘુભા જાડેજા, ઘનશ્યામસિંહ જાડેજા, રવિભાઈ મહેશ્વરી, વિઠ્ઠલભાઈ પટેલ, અશોક અંજારિયા, ઈન્દ્રભાઈ ગઢવી, હસમુખભાઈ પટેલ વગેરે જોડાયા હતા. ધજા પૂજાના સહાયક દાતા સોનલબા વિશ્વરાજસિંહ ઝાલા તથા દિપીકાબેન અમરસિંહ પટેલ રહ્યા હતા. મંદિરની ધજા દંડના કાયમી દાતા તરીકે પ્રેમીલાબેન રતનશી વોરા (નવીનાળા છે. આ કાર્યક્રમમાં પૂજા-પ્રસાદીના દાતા તરીકે સોનલબા વિશ્વરાજસિંહ ઝાલા રહ્યા હતા. સાંજે ૨૧ દિવાની આરતી ત્યારબાદ રાત્રે ગોળીબાર હનુમાનજી પ્રેરિત રામદરબાર જેનું સંચાલન તુલસીદાસ કુવાડિયા અને સાથીદારોએ કર્યું હતું. સમાજને તાજેતરમાં ૩૭ વર્ષ પુરા થયા છે જ્યારે મંદિરને ૧૭ વર્ષ પૂર્ણ થતા અનેક આયોજનો કરાયા હતા.

# ઈન્નરવ્હીલ કલબ ઓફ વોલસિટી દ્વારા આંખની તપાસ કેમ્પ યોજાયો





ભુજ : અહીંની ઈન્નરવ્હીલ ક્લબ ઓફ વોલસિટી તથા લાયન્સ હોસ્પિટલ ભુજના સહયોગથી શ્રીહરિ શાંતિનીકેતન આશ્રમ માધાપર ખાતે ૫૦૭ લોકોની આંખની નેત્રમથી તપાસ કરવામાં આવી હતી.

કેમ્પનું દિપ પ્રાગટય ઈન્નરવ્હીલ ક્લબ ઓફ વોલસિટીના પ્રમુખ નીતાબેન હાલાણી, પૂર્વ પ્રમુખ ધારિત્રીબેન શાહ, સોનીબેન ઠક્કર, શ્રીહરિ શાંતિનીકેતન આશ્રમ ટ્રસ્ટના પ્રમુખ નરેન્દ્રભાઈ મિરાણી, મેનેજર પાઠકભાઈ દ્વારા કરાયું હતું.

ત્યારબાદ નીતાબેન હાલાણીએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. લાયન્સ હોસ્પિટલની ટીમના ડોકટરોએ વડિલોની તપાસ કરી હતી. તપાસમાં આંખમાં મોતિયો, ઝામર, વેલ વગેરેની કરાઈ હતી. ઓપરેશન લાયક દર્દીઓને સારી ક્વોલિટીના લેન્સ નિઃશુલ્ક નાખી આપવામાં આવશે અને ઓપરેશન વાળા દર્દીઓને દવા, ચશ્મા અપાશે તેવું પ્રોજેક્ટ ચેરમેને અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# ભુજમાં ફાયર સર્વિસ ડે નિમિત્તે નિબંધ સ્પર્ધા યોજાઈ



ભુજ : માજી હોમગાર્ડઝ પૂર્વ નાગરિક સંરક્ષણ સભ્યો અને હાટકેશ સેવા મંડપ દ્વારા ફાયર દિનની ઉજવણી કરાઈ હતી. ઈસ્માઈલભાઈ જુણેજાના પ્રમુખ પદે જયશ્રીબેન હાથીના અતિથિ પદે યોજાયેલો હતો. જેમાં ૧૯૪૪માં બોમ્બે ફાયર બ્રિગેડના ૬૬ જેટલા અધિકારી-કર્મચારીઓએ જીવ ગુમાવ્યા હતા. તેમને અંજલિ અપાઈ હતી. તેમજ યુવાનો માટે નિબંધ સ્પર્ધા હું નાગરિક સંરક્ષણના સભ્ય તરીકે આગ લાગે ત્યારે શું સેવા કરી શકું તે નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પ્રથમ ત્રણને ઈનામો અપાયા હતા.

પારૂલબેન બુચ, આશાબેન સ્વાદીયા, દર્શનાબેન હસમુખભાઈ વોરા વગેરે હાજર રહ્યા હતા. સંચાલન ફાયરમેન અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા વિભાકર અંતાણી કરી હતી. અંજાર ખાતે સ્વામિનારાયણના ઉત્સવમાં પણ ફાયરના વાહનનું પૂજન બહેનો ગાયત્રી મંત્ર બોલી ૬૬ જણને અંજલી આપી હતી. ડો. સત્યપ્રસાદદાસજીના માર્ગદર્શન હેઠળ યોજાયેલ હતો. વિભાકરભાઈ, હસમુખભાઈ તેમજ યુવાનો હાજર રહ્યા હતા. સમગ્ર રાષ્ટ્ર સાથે ભુજમાં પણ ફાયર સેવા સપ્તાહની આજથી ઉજવણી કરાશે.

## ભુજ ફાયર વિભાગ દ્વારા ઉજવણી

ભુજ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ, ભુજના કર્મચારીઓ દ્વારા નેશનલ ફાયર સર્વિસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. મુંબઈ ડોક યાર્ડ ખાતે એસ.એસ. ફોર્ડ સ્ટાઈકેન નામના બ્રિટિશ માલ વાહક જહાજમાં વિસ્ફોટક પદાર્થ ભરેલ હતું. જે બ્લાસ્ટ થતા તેને બુજાવવાની કામગીરી દરમ્યાન ૬૬ ફાયર જવાનો શહીદ થયા હતા. જેઓની યાદ રૂપે સમગ્ર ભારત દેશમાં ૧૪ એપ્રિલના દિવસે નેશનલ ફાયર સર્વિસ ડે તરીકે મનાવવામાં આવે છે અને ૧૪થી ૨૦ તારીખ સુધી ફાયર સર્વિસ વીક તરીકે ઉજવવામાં આવે છે. જે ઉજવણીના ભાગરૂપે ભુજ શહેરના વિવિધ વિસ્તારમાં ફાયર અવેરનેશની કામગીરી ભુજ ફાયર વિભાગ દ્વારા કરવામાં આવશે.



વિશ્વ હિન્દુ પરિષદ પશ્ચિમ કચ્છ જીલ્લા દ્વારા ડૉ.બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતી નીમીતે ભુજ ટાઉનહોલ પાસે બાબા સાહેબની પ્રતિમાને ફૂલહાર અર્પણ કર્યા પશ્ચિમ કચ્છ જીલ્લા મંત્રી નાજાભાઈ ભરવાડ, સહમંત્રી મીતેશભાઈ સોની, બજરંગ દલ સહસંયોજક કરણસિંહ જાડેજા, હિરાભાઈ, ભુજ નગર મંત્રી જયેશભાઈ કોઠારી, સહ મંત્રી હર્ષદભાઈ બઢીયા, નગર સેવા પ્રમુખ દીપકભાઈ ભાનુશાલી ઉપસ્થિત રહ્યા હતા.



મોટા રેહા ગામમાં ઈદ નમાજ પડવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અગ્રણી આરબભાઈ ચાકી, કાસમ લુહાર, ગનીભાઈ કુંભાર, ઈસ્મહિલ કુંભાર તેમજ યુવા કમિટી સહિતના લોકો હાજર રહ્યા હતા.

# પવિત્ર ઐતિહાસિક મંદિર પડદાભીટ્ટ હનુમાનજી





**કહહી રીંછપતિ સુનો હનુમાના, કા ચૂપ સાધી રહેહુ બલવાના ! કવન સો કાન કઠિન જગ માહિં, જો નહી હોત તાત તુમ પાહિ !!**

આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે સદીઓથી આપણા પૂર્વજો ખેતીવાડીનો વ્યવસાય કરી પોતાના સંયુક્ત અને બાદમાં વિભક્ત કુટુંબનું ગુજરાન ચલાવતા આવે છે. બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર હોવાને લીધે વિવિધ ધર્મ અને જ્ઞાતિના લોકોની વિવિધતામાં એકતાના દર્શન થાય છે. ભાતીગળ ભિન્નતાવાળા આપણા દેશના લોકોમાં પોતપોતાના ક્ષેત્ર અને ધર્મ મુજબ આસ્થા, શ્રદ્ધા અને વિશ્વાસ જોવા મળે છે. અહી વિવિધ સંસ્કૃતિ હોતા લોકો પોતપોતાની ધાર્મિક સામાજિક સંસ્કૃતિ કે રીતરિવાજો મુજબ જુદા જુદા પ્રસંગો - ઉત્સવો મનાવે છે. હાલમાં જ માતૃ ભક્તો દ્વારા ચૈત્રી નોરતા એટલે કે મા આદ્ય શક્તિની આરાધનાનો પર્વ ઉજવાયો, ત્યારબાદ પૂર્ણ પુરૂષોતમ શ્રીરામનો જન્મ આખા દેશમાં અને એમ કહીએ તો અતિશયોક્તિ નથી કે વિશ્વમાં પણ ઉજવાયો.

હનુમાનજી આખાયે ભારતમાં પૂજાય છે. કયાંક એકલા અને કયાંક શ્રીરામ સાથે. શ્રીરામના દરેક મંદિરમાં હનુમાનજીની મૂર્તિ હોય છે. હનુમાને ભગવાન શંકરના અવતાર હતા. દરેક શિવ મંદિરમાં પણ હનુમાનજીની મૂર્તિ હોય છે. હનુમાનજી પણ દેવ અને અંજની માતાના પુત્ર છે. તેથી તેમને પવનસુત, મરૂતસુત, પવનકુમાર વિગેરે નામે પણ ઓળખવામાં આવે છે.

હનુમાનજી એક આદર્શ કર્મવીર, સાચા કર્મયોગી અને સાચા બ્રહ્મચારી હતા. રામ નામનું હમેશા સ્મરણ - રટણ કરતા રહેતા. આવા જ રામ ભક્ત હનુમાનજીનો જન્મદિવસ હવે હિન્દુ ધર્મ મુજબ આ ચૈત્ર માસમાં ઉજવાશે. વીરૂ પુરૂષ, ભગવાન શ્રીરામના પરમ ભક્ત અને શિવ અવતાર હનુમાન દાદાની જન્મજયંતિ તા. ૨૩-૪-૨૦૨૪ના છે. તેમના પ્રત્યેની લોકોની આસ્થા અને ભુજમાં સંસ્કારનગર મધ્યે આવેલ પડદાભીટ્ટ હનુમાન મંદિર જે મહાબલિનું સ્થળ છે તે પ્રત્યેની લોકશ્રદ્ધા વિશે મંદિરના પૂજારી કનકપુરી જગદીશપુરી ગુંસાઈ પ્રકાશ પાડતા જણાવે છે કે અહી દર વર્ષની જેમ તા. ૨૩મી એપ્રિલને મંગળવારે એટલે કે ચૈત્ર સુદ પૂર્ણિમાના દિવસે હનુમાન જયંતિનો અનેરો પ્રસંગ ઉજવાશે. તેઓ જણાવે છે કે, આ મંદિરે વર્ષોથી હનુમાન જયંતીની ઉજવણી કરવામાં આવે છે.

ભાવિકોની માન્યતા અનુસાર તેમણે જણાવેલી વિગતો મુજબ ૧૮૬૧ એટલે કે, કેસને ૧૮૦૪ના કારતક સુદ ૧૧ના રોજ ત્યાં જમીનમાંથી હનુમાન દાદાની મૂર્તિ સ્વયંભૂ પ્રગટ થયેલી આ મૂર્તિમાં આસ્થા ધરાવનાર ભાવિકોએ બાદમાં સાથે મળીને એક નાનકડું દેવાલય બનાવ્યું અને તેમાં શ્રદ્ધાથી દેવસ્થાપન કરાવ્યું છે. આ મંદિરનું નામ પડદાભિટ્ટ હનુમાન રાખવામાં આવેલ છે. ભૂકંપ પહેલા સત્યનારાયણ મંદિરથી પડદાભિટ્ટ હનુમાન આવવા જવા માટે બસની સગવડ પર ઉપલબ્ધ હતી. જે સગવડ હવે બંધ થયેલ છે.

આ પુરાતન મંદિરમાં ધરતીકંપ બાદ અનેક સુધારા - વધારા કરી તેને શોભાયમાન બનાવ્યું છે. આ મંદિરમાં દાદાની નાનકડી ડેરી ઉપર પાકી સિમેન્ટ ક્રોકિટની છત બાંધેલી છે. નીજ મંદિરમાં એટલે કે, ગર્ભગૃહમાં હનુમાનજીની ૯૦ સેન્ટી મીટર ઉચી પ્રતિમા સ્થાપિત છે. નૈઋત્ય દિશાના ખુણે જૂની ધર્મશાળા અને વાવ વિગેરેના ખંડેરો આવેલા છે. સેલોર વાવમાં ૧૯૩૨નો શિવાલેખ આજે પણ મોજુદ છે. મંદિરની દેરોની ઉત્તર-પૂર્વ બાજુ લક્ષચોરાસી અમરનાથ મહાદેવનું મંદિર આવેલું છે. મંદિર પ્રાગણમાં શીતલા માતા અને અંજની માતાના મંદિરો છે. ચોકમાં ચબુતરો બનાવાયો છે. પડદાભિટ્ટ હનુમાન દાદાના મંદિરના પ્રાગણમાં ભૂલા ભૂલામણી જેવા સિમેન્ટના બનાવેલા વર્તુળો આવેલ છે. જેના પર શ્રદ્ધા પૂર્વક ફેરા ફરે છે તેને લક્ષચોરાસીના ફેરામાંથી મુક્તિ મળે છે. હિન્દુ ધર્મ મુજબ લક્ષચોરાસીના જન્મ- મરણના ફેર મનુષ્ય જન્મ માટે નક્કી થયેલા છે, પરંતુ આત્મા ઉન્નતી સાધી મોક્ષનો પ્રાપ્ત કરે તો આત્મા આ ફેરામાંથી મુક્તિ મેળવી શકે છે.

આ હનુમાનજીના મંદિરે દર વર્ષે ચૈત્રી સુદ પૂર્ણિમાના મેળો ભરાય છે. તે મેળામાં શ્રદ્ધાળુઓ અને ભક્તો, નગરજનો મોટી સંખ્યામાં દર્શનાર્થે આવી કૃતાર્થ થયાનો અહોભાવ અનુભવે છે. હનુમાન જયંતિના દિવસે વહેલી સવારે મંગળા આરતીથી શરૂ થતા આ ધાર્મિક કાર્યક્રમમાં બપોર સુધી પૂજન અર્ચન અને રૂદ્રપાઠ તથા હનુમાન ચાલીસાના પાઠ, વસ્ત્ર પરિધાન, નૈવેદ તેમજ પંજુરીનો પ્રસાદ ધરાવાય છે. સાંજે મેળો ભરાય છે જે રાત્રિ સુધી ચાલે છે. આ મંદિરે આસો વદ તેરસથી નવા વર્ષ કારતક સુંદ એકમ સુધી અંખડ જ્યોત રખાય છે તથા કાળી ચૌદશના દિવસે હનુમાનજીને સિંદૂરલેપન તથા નૈવેદ અને નવા વર્ષે અન્નકૂટ ધરાવવામાં આવે છે. આ મંદિરનો વહીવટ હાલે કનકપુરી જગદીશપુરી ગોસ્વામી સંભાળે છે. તો ચાલો આપણે આ હનુમાન જયંતિએ કષ્ટભંજન હનુમાનજી મહારાજના પાવન દર્શન કરી કૃતજ્ઞ થઈએ. ધન્ય તે રામ પરમ સેવક હનુમાનને.

**- કનકપુરી જગદીશપુરી ગુંસાઈ**

# ભુજમાં હાટકેશ જયંતિએ વિશાળ શોભયાત્રા નીકળી

**નાગર સમાજ નિર્મિત અંબિકા સદનનું ઉદઘાટન જ્ઞાતિના પ્રમુખના હસ્તે કરાયું : સવારે ગાયત્રી હવન, લઘુરૂદ્રનું આયોજન : પૂર્વ સંધ્યાએ દાતાઓનું કરાયું સન્માન**





ભુજ : નાગર જ્ઞાતિના ઈષ્ટ દેવ હાટકેશ્વર જયંતિ નિમિતે વડનગરા નાગર જ્ઞાતિ વ્યવસ્થાપક મંડળ ભુજ અને હાટકેશ પાટોત્સવ ઉજવણી સમિતિ દ્વારા હાટકેશ્વર મંદિરના પટાંગણમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જ્ઞાતિજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સવારે નવનિર્મિત અંબિકા સદનનું ઉદઘાટન નાગર જ્ઞાતિના પ્રમુખ અતુલ મહેતાએ કર્યું હતું. ત્યારબાદ ગાયત્રી હવન, શોભાયાત્રા અને લઘુરૂદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બીડુ પૂર્તિબેન કેતનભાઈ વૈષ્ણવ દ્વારા હોમાયું હતું. બપોરે મહાઆરતી યોજાઈ હતી, જેમાં જય હાટકેશના નારા સાથે પરિસર ગુંજી ઉઠ્યું હતું. હાટકેશ જયંતિની પૂર્વ સંધ્યાએ વિવિધ કાર્ય માટે દાન આપનાર ૨૨૨ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. દાતાઓમાં માદ્રીબેન મયુરભાઈ વસાવડા, કિર્તિદાબેન કશ્યપભાઈ ધોળકિયા, અર્ચનાબેન કોટેશભાઈ અંતાણી, મહાશ્વેતાબેન કિરીટભાઈ ધોળકિયા તરફથી રૂા. ૪,૫૦,૦૦૦ તથા પ્રકાશભાઈ કે. અંતાણી, ડો. રાહુલભાઈ કે. અંતાણી અને કૈલાશભાઈ કિશોરભાઈ અંતાણી તરફથી રૂા. ૩,૧૧,૦૦૦, પ્રેમાંશુભાઈ ગિરીશભાઈ ધોળકિયા તરફથી ૧,૧૧,૧૧૧, નિરંજનભાઈ હિરાલાલ બુચ રૂા. ૫૧,૧૦૦, ઈલાબેન હિરેનભાઈ મહેતા ૫૧,૦૦૦, ડો. ચૈલાબેન કૌશિકભાઈ વોરા રૂા. ૫૧,૦૦૦, મયુરભાઈ ડી. હાથી ૫૧,૦૦૦, બંસરીબેન રશ્મિકાંત અંતાણી અને પરેશાબેન જૈમિનીભાઈ અંજારિયા રૂા. ૫૦,૦૦૦ અને છાંયાબેન પરિવાર તરફથી સ્વ. મયંકભાઈ દેવમણિબેન જોગેશચંદ્ર છાયાના સ્મરણાર્થે રૂા. ૫૦,૦૦૦નું અનુદાન અપાયું હતું.

સર્વે દાતાઓનું મંડળના હોદ્દેદારો, આગેવાનોમાં હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. રાત્રે હાટકેશ કોમ્પ્લેક્ષમાં ચિરાગ વોરા એન્ડ પાર્ટીના સથવારે દાંડિયારાસનું આયોજન કરાયું હતું. જેમાં ગાયક કલાકારો ભારતેન્દુ માંકડ, અભિજીત ભટ્ટ, ધર્મેન્દ્ર જોશી, તૃષાબેન વૈદ્ય, સાથે સાજીંદા વૃંદમાં દર્શન ડાભી, જાવેદ તારવાણી, આબીદ તારવાણી, વેદ ધોળકિયા, દિર્ઘાયુ બુચ, હરમન ઝાલા, સ્વર માંકડ, ભદંત અંતાણી, ઓજસ વોરા અને આલોક વૈષ્ણવે રાસ રમવા માટે મજબૂર કર્યા હતા. તો હાટકેશ કુટીર ખાતે વડીલોનું સન્માન અને બાળકોને શિક્ષણ કીટનું વિતરણ કરાયું હતું. નાગર જ્ઞાતિના પૂર્વ પ્રમુખ સ્વ. પ્રભુલાલભાઈ વોરા, સ્વ. ઉમાકાંતભાઈ વૈષ્ણવ અને સ્વ. પરિમલભાઈ ધોળકિયાને વંદના કરી ગાયત્રી મંત્ર અને જય હાટકેશના નારા સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. કુટીર ખાતે છ વડીલોનું વિશેષ બહુમાન હારારોપણ સાથે કરવામાં આવ્યું હતું. સંધ્યાબેન ટી. વોરા અ.સૌ. સ્વ. હીનાબેન અંતાણી પરિવાર, સ્વ. સંજયભાઈ હાથી પરિવાર દ્વારા સહકાર મળ્યો હતો. પ્રમુખ જયશ્રીબેન હાથી, વિભાકરભાઈ અંતાણી અને આશિષભાઈ વૈદ્યના વડપણ હેઠળ કાર્યક્રમ યોજાયો હતો. ઈન્દ્રવદનભાઈ છાયા, અતુલભાઈ મહેતા, પૂર્ણિમાબેન પાઠક, શર્મિષ્ઠાબેન ધોળકિયા અને રત્નાકરભાઈ ધોળકિયાએ શુભેચ્છા પાઠવી હતી.

# મહતમ મતદાન કરવા માટે ભુજના યુવા કલાકારે બનાવેલા વીડિયો સંદેશને મળતો પ્રતિસાદ



ભુજ : ગુજરાતમાં આગામી ૭મી મેના મતદાન થવાનું છે, ત્યારે ભુજના યુવા કલાકાર વસીમ ખત્રી દ્વારા લોકો મહતમ મતદાન કરે તે માટે વીડિયો સંદેશ બનાવવામાં આવ્યો છે. યુટયુબ પર વસીમ ખત્રીની ચેનલમાં આ વીડિયો અપલોડ કરવામાં આવ્યો છે. દેશમાં લોકશાહી ટકાવી રાખવા માટે કોઈ પણ લોભ લાલચમાં આવ્યા વગર અને કોઈના કહેવાથી નહીં પોતાને જે ઉમેદવાર શ્રેષ્ઠ લાગે તેને મત આપી દેશનું નિર્માણ કરીએ તે માટેનો સંદેશો તેમણે ઉદભૂત રીતે સમજાવ્યો છે. યુવાનો, મહિલાઓ, વડિલોના પાત્રો ટાંકી યોગ્ય સરકાર ચુટી દેશનું ભવિષ્ય ઉજવળ બનાવવાનો સંદેશો અપાયો છે. આ વીડિયોના માધ્યમથી લોકો સુધી મતદાન પ્રત્યે જાગૃતતા વધે અને વધારેમાં વધારે લોકો મતદાન કરે તે માટે આ વીડીયો શેર કરવા માટે વસીમ ખત્રી દ્વારા અપીલ કરાઈ છે. આ વીડિયો સંદેશના લેખક જયંત ગુપ્તા અને ગુંજન નંદા છે. પ્રફુલ્લ ગાયકવાડે ડાયરેકટર તરીકે ભૂમિકા ભજવી હતી. હર્ષ પોદાર અને સંદેશ લામખડે સિનેમેટોગ્રાફર રહ્યા છે. એક્ઝિક્યુટીવ પ્રોડ્યુસર વકર અહેમદ, એડીટ હર્ષવર્ધન પોદાર, બેકગ્રાઉન્ડ સ્કોર જેનીશ માંડલિયાએ આપ્યો છે. વીડિયોમાં વસીમ ખત્રીની સાથે કલાકાર તરીકે સોહમ પટેલ, નંદીતા રાની, અવિનાશ રજદાન, સાઉન્ડ રેકોર્ડીસ્ટ તરીકે જસબીર યાદવ અને મજીદે સેવા આપી હતી.

# કિશોરીના શરીરમાં નિષ્ક્રિય બનેલી તમામ માંસપેશીને ૧૫ દી'માં ચેતનવંતી કરાઈ



ભુજ : રોગ પ્રતિકારક શરીરમાં રક્ષકની ભૂમિકા ભજવે છે, પણ જો એ જ શક્તિ રક્ષકને બદલે ભક્ષક બની વિપરીત કામ કરે તો મુશ્કેલી ઊભી કરે છે અને સમગ્ર બોડીનું સંચાલન કરતા ચેતાતંત્ર ઉપર જ હુમલો કરે છે. પરિણામે તમામ માંસપેશીઓને એટલી કમજોર કરે છે કે માનવી હલનચલન તો ઠીક તેનું શ્વસનતંત્ર પણ કમજોર થઈ જાય છે, જેને મેડિકલ ભાષામાં ગુલિયન બાર સિન્ડ્રોમ કહેવાય છે. આવો જ એક ૧૦ વર્ષની ગાંધીધામની દીકરીનો કેસ જી.કે.જનરલ અદાણી હોસ્પિટલમાં આવ્યો અને બાળરોગ વિભાગની ટીમે એક પખવાડિયામાં દર્દીને પુનઃ યથાવત કરી દીધી. જી.કે.ના બાળરોગ વિભાગના હેડ ડો.રેખાબેન થડાની અને ડો.યશ્વી દતાણીએ કહ્યું કે, ગાંધીધામની મહેક દુધાણીને આવી અસર થતાં અત્રે રીફર કરવામાં આવી ત્યારે તેને સખત નબળાઈ હતી. શરીર સદંતર ઢીલું પડી ગયું હતું. હલન ચલન કરી શકતી નહોતી. પેરાલિસિસ જેવી હાલત હતી. મહેકને દાખલ કરી તબીબોની ટીમે માંસપેશીઓને પુનઃ કાર્યાન્વિત કરવા ઈન્ટ્રાવિનસ ગ્લોબ્યુલિન એકના રૂ. ૧૮ હજારની કિંમતના એવા ૧૪ શોટ આપવાનું નક્કી કર્યું. ધીમે ધીમે દર્દીને રાહત થવા લાગી. સામાન્ય રીતે આવા કેસમાં લાંબો સમય લાગતો હોય છે, પરંતુ મહેકનું મનોબળ એટલું પાવરફુલ હતું કે ૧૫ દિવસમાં હાલતી ચાલતી થઈ ગઈ. આ સારવારમાં ડો.પાર્થ સાણંદિયા, ડો.મૈત્રી ચૌહાણ, ડો.રોહન બાલધા, ડો.દ્વિજ પટેલ, ડો.રાજૂ ગર્ચર, ડો.ચંદ્રાર્ક જોડાયા હતા.

# રતનાલ ખાતે ટ્રક એસોસિએશનના પ્રમુખ માટે બેઠક મળી

**નવઘણભાઈ આહિરને જિલ્લા પ્રમુખ પદે રીપીટ કરવા બેઠકમાં ઉપસ્થિત આગેવાનોએ સમર્થન આપ્યું**




અંજાર : રતનાલ ખાતે બહોળી સંખ્યામાં ટ્રક માલિકોની ઉપસ્થિતિમાં મીટીંગ મળી હતી, જેમાં સર્વ સંમતિથી નવઘણભાઈને ફરીથી જિલ્લાના પ્રમુખ પદે રીપિટ કરવા સમર્થન આપ્યું હતું.

કચ્છ જિલ્લા ટ્રક એસોસીયનના પ્રમુખની મુદ્દત પૂરી થતાં ૨૫-૪ના કુકમા ખાતે મળનારી જનરલ સભા પેહલા રતનાલ ખાતે બહોળી સંખ્યામાં ટ્રક માલિકો ભેગા થયા અને નવઘણભાઈને ૭ વર્ષની કામગીરીના હિસાબે ફરીથી રીપીટ કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. વિવધ આગેવાનોએ નવઘણભાઈ સમર્થન આપ્યું હતું. બેઠકમાં રતનાલ, ધાણેટી, મામુઆરા, નાડપા, સાપેડા તથા આજુ બાજુના ગામોના માલિકોએ પણ ટેકો આપ્યો હતો.

મીટીંગમાં કાના રૂપા વરચંદ, રૂપા જીવા માતા, સામજી બંસીધર, કાના ગોપાલ, ત્રિકમ બંસીધર, બાબુ ધૂલા માતા, ત્રિકમ વાસણ આહીર, ભગુ અરજણ વરચંદ, ત્રિકમ જીવા વરચંદ, વાલજી દેવજી છાંગા, રણછોડ અરજણ, વાલજીભાઈ ભીમાણી, વાસણ જીવા કેશરાણી, વાલજી છાંગા, ડી.કે. આહીર, અરવિંદ સુથાર, શંકર રબારી, પરસોતમ માતા, શામજી આહીર, મકનજી દેવાણી તથા અન્ય આગેવાનો હાજર રહ્યા હતાં. રતનાલના વિવિધ સમાજો તથા ગ્રુપ હાજર રહ્યા હતા. આજે સાંજે શ્રવણ કાવડિયા હબાય - લોડાઈ રોડ ખાતે પાવરપટ્ટીના ટ્રક માલિકો દ્વારા નવઘણભાઈના સમર્થનમાં મીટીંગ રાખવામાં આવી છે.

# ગૌચર બચાવવા મુદ્દે લોક પ્રતિનિધિઓની ચુપકીદી દુ:ખની બાબત





**ચપરેડી ખાતે પ્રથમ વખત યોજાયેલી ત્રણ દિવસીય ગૌકથા સંપન્ન**



ભુજ : તાલુકાના ચપરેડી ખાતે ત્રિ-દિવસીય ગૌકથા સંપન્ન થઈ હતી, વ્યાસપીઠ પરથી વક્તા એ સ્પષ્ટ કહ્યું હતું કે,જે દેશમાં ગાય સુખી નથી, ત્યાં અધોગતિ નિશ્ચિત છે. આ સાથે જ ગૌસંવર્ધનની સાચી વાત લોકો સુધી પહોંચાડી હતી.

કથામાં દીપ પ્રાગટ્ય વખતે અક્ષય કૃષિ પરિવાર ભારતના અધ્યક્ષ મનોજભાઈ સોલંકી, આરએસએસ સૌરાષ્ટ્ર પ્રાંતના ગૌસેવા પ્રમુખ મેઘજીભાઈ હિરાણી ઉપસ્થિત રહ્યા હતા. કૃષિ આધારિત ગામનો વિકાસ કઈ રીતે કરી શકાય મેઘજીભાઈએ વિસ્તૃત માહિતી સાથે સમજાવ્યું હતું.

ચપરેડી ખાતે અટલ પરિસર વિકાસ યોજના અંતર્ગત સમસ્ત ચપરેડી ગ્રામજનો દ્વારા ગૌકથાનું આયોજન કરાયું હતું. જેમાં વ્યાસપીઠ પર વકીલ અને પ્રખર ગૌ કથાના વક્તા દિનેશભાઈ રાવલ રહ્યા હતા. વ્યાસાસનેથી તેમણે કહ્યું કે, આપણા ધર્મમાં અને શાસ્ત્રોમાં ગાયને માતાનો દરજ્જો અપાયો છે. ગૌમાતાનું ભોજન માત્ર ચાડીમાં નાખવાથી નહિ, અંતરના પ્રેમભાવથી ખવડાવવાથી પુણ્ય મળશે સાથે જ ટકોર કરતા કહ્યું કે, જે દેશમાં ગાય સુખી નથી, ત્યાં અધોગતિ નિશ્ચિત છે તેવો મત વ્યક્ત કરાયો હતો. વક્તાએ ગૌચર દબાવનાર તત્વોને પણ પાપ અને દંડની વ્યાખ્યા સમજાવી હતી અને કહ્યું કે, કોઈ પણ રાજનેતા આજે ગૌચર જમીન મુદ્દે રસ નથી લઈ રહ્યા જે દુ:ખની વાત છે. ખેડૂતોને ગાયનું મહત્વ સમજાવ્યું હતું અને દૈનિક ક્રિયામાં તેનું માહાત્મ્ય વર્ણન કરાયું હતું.

આયોજનમાં આયુર્વેદાચાર્ય ડૉ. (પ્રો.) હિતેશ જાની જે વિશ્વ વિખ્યાત ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરમાં ભૂતપૂર્વ પ્રિન્સિપાલ અને પંચકર્મ વિભાગના વડા છે અને હાલમાં, તેઓ વિવિધ સરકારી અને બિન સરકારી માનદ હોદ્દાઓ ધરાવે છે. તેમણે ગૌમહત્વ સમજાવ્યું હતું. રાત્રે સંતવાણી પણ યોજાઈ હતી અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. અંતિમ દિવસે કોરીના મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. ગ્રામજનોએ કથાને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. સમગ્ર કથા મંડપને પરંપરાગત આહીર ભરતથી શણગાર કરાયો હતો. ગાય - વાછરડાની પ્રતિકૃતિઓ મૂકાઈ હતી.

# ભચાઉ મહાવીર અનુકંપા કેન્દ્ર દ્વારા સેવાકીય પ્રવૃતિ કરાઈ



ભચાઉ : જૈન યુવક મંડળ સંચાલિત મહાવીર અનુકંપા કેન્દ્ર દ્વારા પ્રભુ મહાવીર જન્મ કલ્યાણક દિનની ઉજવણી કરવામાં આવી હતી. મહાવીર અનુકંપા કેન્દ્ર દ્વારા ગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત કલ્પતરૂસૂરિ મ. સા.ના આશીર્વાદથી અને પ. પૂ. આચાર્ય ભગવંત અનંતયશસૂરિ મ. સા.ની પ્રેરણાથી તથા નિશ્રા દાતા પ્રદાન પન્યાસ મુક્તિશ્રવણ વિજયજી મ. સા., મુક્તિચરણવિજયજી મ. સા., મુક્તિ મનન મ. સા., સંઘના ટ્રસ્ટી ધીરજભાઈ મહેતા, સતિષભાઈ મહેતા, પ્રવીણભાઈ ગાંધી તથા બીપીનભાઈ ભણસાલી તથા ચેતન ભાઈ મહેતા માર્ગદર્શન હેઠળ અનુકંપાદાનની પ્રવૃત્તિ ચાલુ છે.

દર રવિવારે જરૂરિયાતમંદ લોકોને ભોજન અપાય છે, પ્રભુ મહાવીરના જન્મ કલ્યાણક રથયાત્રા દરમિયાન લાડુ વિતરણ કરવામાં આવેલ અને હોસ્પિટલમાં ફ્રૂટ વિતરણ કરવામાં આવ્યું હતું. વ્યવસ્થા જૈન યુવક મંડળના સભ્યો, મહાવીર અનુકંપા કેન્દ્રના સભ્યો અરવિંદભાઈ મહેતા, અશોકભાઈ વોરા, ગૌતમ શાહ, તુષાર કુબડીયા, તીર્થ મહેતા, ચેતન ગાંધી, પ્રકાશ શેઠ, ગૌતમ શાહ વગેરેએ સંભાળી હતી.

# રાપરમાં ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ ઉજવાયો





રાપર : ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવ અંતર્ગત રાપર ખાતે આવેલા લીંબડી અજરામર સંપ્રદાયના તપોનિધી ગાદીપતિ પરમ પૂજ્ય શ્રીશામજી સ્વામી, શાશન ચંદ્રિકા ઉજ્જવળકુમારીજી મહાસતીજી, ઉપાધ્યાય ભગવંત પ.પૂ. ભવ્યમુનિ મહારાજ, સંઘના શિરછત્ર પૂ. નિર્મળા મહાસતીજી પ્રવતિની અનીલાજી મહાસતીજીના આજ્ઞાનુવર્તી પ.પૂ. પ્રજ્ઞાજી મહાસતીજી ઠાણા ૪ નીશ્રામાં ચૈત્રી માસની શાશ્વત ઓરીની આરાધના ભક્તિભાવ પુર્વક ઉજવણી કરવામાં આવી હતી.

મહાવીર જયંતી નિમિત્તે જૈન સંઘના વેપારી ભાઈઓએ પોતાના ધંધાકિય કામકાજ બંધ રાખી સમાજના લોકો ધાર્મિક અનુષ્ઠાનમાં જોડાયા હતા. પ્રતિક્રમણ પ્રાર્થના સવારે વ્યાખ્યાન છ કોટી જૈન સંઘ રાપર દ્વારા યોજાયેલ ઉપરાંત મહાવીર સ્વામીના જન્મદિવસ એટલે મહાવીર જયંતી નિમિત્તે રાપર ખાતે જૈન સમાજ દ્વારા ઉજવણી કરાઈ હતી. વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યું હતું.

રાપર જૈન જાગૃતિ સેન્ટર દ્વારા પાંજરાપોળ તથા ગૌશાળાના અબોલ પશુઓ માટે ઘાસચારો, નાના વાછરડા તથા અન્ય પશુઓ તથા પંખી માટે પણ દુધ, ચણ, પાણીના કુંડાની વ્યવસ્થા કરાઈ હતી. વિનોદ દોશી, જીતેશ મોરબીયા, દિવ્ય દોશી, પ્રિત મોરબીયા, મહેન્દ્ર મહેતા, વિકાસ ખંડોર, જીવદયા મંડળના મંત્રી કિર્તીભાઈ નેમજીભાઈ મોરબીયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વામિનારાયણ મંદિર ભુજની પ્રેરણાથી મહારાષ્ટ્રના કોંકણ પ્રાંતમાં થયું સનાતન મંદિરનું નિર્માણ





**આ વર્ષમાં વધુ ૫૦ મંદિર નિર્માણનો સંકલ્પ**



ભુજઃ સ્વામિનારાયણ મંદિર સંચાલિત પૂર્વ મુંબઈના વિલે પાર્લા સ્થિત સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવનના સહયોગથી મહારાષ્ટ્રના કોંકણ પ્રાંતના પેણ જીલ્લાના વરાવણે ગામમાં ભુદેવો અને સંતો દ્વારા વેદમંત્રો અને શાસ્ત્રોક્તવિધિ સાથે સનાતન મંદિરનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રભુ શ્રીરામ, લક્ષ્મણ અને સીતાજી સાથે હનુમાનજીની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

ભુજ મંદિરના મહંત ધર્મનંદનદાસજી સ્વામીની આજ્ઞા અને મંડળધારી સંત પૂ. બાલકૃષ્ણદાસજીની પ્રેરણાથી પાર્લા વિશ્રાંતિ ભુવનના સંચાલક સંતો દ્વારા મુંબઈ જેવાં અતિ વ્યસ્ત મહાનગરમાં સત્સંગ અને સંસ્કારના જતન સાથે વ્યસન મુક્તિ સહિતના વિવિધ સેવાકાર્યો ચાલી રહ્યા છે ત્યારે આ પ્રસંગને લઈને કોંકણ પ્રાંતના ખુબ અંતરિયાળ અને અતિ ઓછી સુવિધાઓ ધરાવતા આ વિસ્તારમાં દેશની સ્વતંત્રતા પછી પહેલીવાર હિન્દુ સંતોનું આગમન થતાં અબાલ વૃધ્ધ સહિત સૌ ગામ લોકોનો ઉત્સાહ હિલોળે ચડ્યો હતો અને આજુબાજુના દસેક ગામના લોકો પણ મોટી સંખ્યામાં સ્થાનિક ભાતિગળ પહેરવેશ સાથે ઉત્સવ માણવા પહોંચી આવ્યા હતાં અને ઠાકોરજીને તેડીને યથાશક્તિ શોભાયાત્રા કાઢીને આનંદ મનાવ્યો હતો. મંદિર ઉદ્ઘાટન અને મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિ ભાવિકોને હિન્દુ ધર્મની વાસ્તવિકતા અને પોતાનું કર્તવ્ય વિષયે સ્વામી તીર્થમુનિદાસજી, સ્વામી રામપ્રિયદાસજી અને સ્વામી રામાનુજદાસજીએ ઉદ્બોધન કર્યું હતું. સ્વામી અક્ષરપ્રિયદાસજીએ ભુજ મંદિર દ્વારા ચાલતી વિવિધ પ્રવૃત્તિ સાથે હિંદુ ધર્મમાં મંદિરનો મહિમા વિશે સમજાવી ગ્રામવાસીઓને આ સ્થાનનો સદ્ઉપયોગ કરી કોઈપણ વ્યસનોથી સંપુર્ણ દુર રહેવાની ભલામણ સાથે આશીર્વાદ પાઠવ્યા હતા. સંઘ કાર્યકર્તા ભરતભાઈ કારાણી, ભરતભાઈ સંઘવી, જય ગાલા વગેરે કાર્યકરો ઉપસ્થિત રહી કાર્ય શોભાવ્યું હતું.

પાર્લા મંદિર દ્વારા સૌને મિષ્ટાન અને પકવાન સાથેનો ભોજન પ્રસાદ, તરબુચ આદી ફળ અને વસ્ત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. મિશનરીઓ દ્વારા ધર્માન્તરણ ગ્રસ્ત આ વિસ્તારમાં હિન્દુ સંગઠનોના માધ્યમે ચાલતા પુનઃ ઘરવાપસીના પ્રયત્નોમાં દાતાઓના સહયોગથી આ વરસમાં અન્ય ૫૦ મંદિરોનું નિર્માણનો સંકલ્પ કરાયો છે. આયોજનમાં પાર્લા મંદિરના પ્રમુખ રતિલાલ વાવીયા સાથે ભાસ્કર દવે, નરસિંહ ઢાઢી આદી ટ્રસ્ટીઓ અને પાર્લા વિસ્તારના ૧૦૦થી વધુ હરિભક્તોની ઉપસ્થિત રહ્યા હતા. તેવું મુખ્ય સંચાલક સ્વામી અક્ષરપ્રિયદાસજીની યાદીમાં જણાવાયું છે.

# ભચાઉ ખાતે પ્રભુ મહાવીર જન્મ કલ્યાણક દિનની ઉજવણી કરાઈ



ભચાઉ : જૈન સંઘના આંગણે પન્યાસ ભગવંત મુક્તિશ્રવણવિજયજી મહારાજ સાહેબ તથા મુનિ ભગવંત મુક્તિચરણવિજયજી મહારાજ સાહેબ તથા મનન મહારાજ સાહેબ તથા સાધુ સાધ્વીજી ભગવંતની નિશ્રામાં પ્રભુ મહાવીર જન્મ કલ્યાણક દિન નિમિત્તે રથયાત્રા નીકળી હતી જેમાં સંઘ ટ્રસ્ટીઓ ધીરજભાઈ મહેતા, સતિષભાઈ મહેતા, પ્રવીણભાઈ ગાંધી, મંડળના મહેશભાઈ શાહ, નિલેશભાઈ મહેતા, બીપીનભાઈ ભણસાલી, અરવિંદભાઈ મહેતા, અશોકભાઈ વોરા, સંઘના તમામ ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

પ્રભુજીની રથયાત્રા મનમોહન દેરાસરથી મહારાણા પ્રતાપ ગેટ થઈ ચિંતામણી દેરાસરથી સોસાયટી મધ્યે આવીને સ્નાત્ર પૂજા આરતી મંગલ દીવો તમામ વિવિધ ધાર્મિક કાર્યક્રમો કરવામાં આવ્યા હતા તથા મહાવીર અનુકંપા કેન્દ્ર દ્વારા રથયાત્રા દરમિયાન વિવિધ દાતાઓના સંયોગથી લાડુનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# સામખિયાળીના બસ સ્ટેશને યુવાનના ખિસ્સામાંથી ૨૫ હજાર સેરવાયા

**વાગડ વિસ્તારમાં ધોળાદહાડે થતી સ્નેચિંગની ઘટનાઓથી ઉચ્ચાટ ફેલાયો**

ભચાઉ : વાગડ વિસ્તારમાં અવાર-નવાર ચોરી, લૂંટ, સ્નેચિંગ સહિતની ઘટનાઓ સામે આવતી હોય છે ત્યારે સામખિયાળીના બસ સ્ટેશનમાં આજે સવારે યુવાનના ખિસ્સામાંથી ૨૫ હજાર સેરવાયા હતા.

ગાગોદર ગામમાં રહેતો રાજ રજની શેઠ નામનો યુવાન ભચાઉની કોલેજમાં અભ્યાસ કરે છે. આજે સવારે તે ગાગોદરથી સામખિયાળી સુધી જીપ આવ્યો અને સામખિયાળીથી હારીજ-ભુજ બસમાં બેસીને ભચાઉ જવાનો હતો ત્યારે બસમાં ચડતી વખતે કોઈ શખ્સે આવીને ખિસ્સુ કાપી રોકડા લઈને ભાગી ગયો હતો. ૨૫ હજાર રોકડા હોવાનું જાણવા મળ્યું છે. આ યુવાન ફરિયાદ નોંધાવવા માટે સામખિયાળી પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. આ પ્રકારના બનાવોથી સ્થાનિકે ઉચ્ચાટ ફેલાયો હતો. જાહેર સ્થળોએ પોલીસ દ્વારા પેટ્રોલિંગ વધારવામાં આવે તે જરૂરી છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### ભાડા અને શહેર

કોણ સંભાળશે તે મુદ્દો ૧૨ વર્ષ જેટલા લાંબા સમયગાળા સુધી ગુંચવાયેલો જ રહ્યો હતો. ભાડા અને ભુજ સુધરાઈ વચ્ચે યોગ્ય સંકલનના અભાવે સૂચિત પાર્કિંગ પૈકીના મોટાભાગના પ્લોટ પર દબાણ થઈ ગયું હતું. વર્ષ ૨૦૧૫માં ભાડાએ ગામતળના ૩૬ પાર્કિંગ પ્લોટની જવાબદારી ભુજ નગરપાલિકાને સોંપી આપી હતી.

દબાણગ્રસ્ત થઈ ગયેલા ૩૦થી વધુ સૂચિત પાર્કિંગ પ્લોટનું સંચાલન ભુજ નગરપાલિકાને સોંપાયા બાદ પણ શહેરની ટ્રાફિક સમસ્યા ઠેરની ઠેર જ રહી છે. આજ પણ ભુજ નગરપાલીકા ભાડા દ્વારા અપાયેલા પાર્કિંગ પ્લોટનો દબાણ ખાલી કરાઈ શકી નથી.

જ્યાં એકતરફ ભુજ શહેરમાં ભાડા દ્વારા બનાવાયેલા મોટાભાગના પાર્કિંગ પ્લોટ દબાણકારોને ભેટ ચડી ગયા છે ત્યાં બીજીતરફ ભુજ શહેરમાં થઈ રહેલા નવા કોમર્શિયલ બાંધકામોમાં પણ પાર્કિંગ સ્પેશ માટેના નિયમનો ઉલાળિયો થઈ રહ્યો છે.

ભાડા દ્વારા નિયમની અમલવારીમાં એકને ગોળ તો એકને ખોળ જેવી નીતિ અપનાવવામાં આવી રહી હોવાના આક્ષેપ ઉઠી રહ્યા છે. કેટલાક નવા કોમર્શિયલ બાંધકામોમાં પાર્કિંગ માટેની જગ્યા છોડ્યાના નિયમની સખ્તાઈથી અમલવારી કરાવવામાં આવી રહી છે જયારે રાજકીય ઓથ ધરાવતા બિલ્ડરોના નવા કોમર્શિયલ બાંધકામમાં પાર્કિંગ સ્પેશ છોડવાના નિયમની અનદેખી કરી નિયમ વિરૂધ્ધનું બાંધકામ મંજૂર કરી દેવામાં આવી રહ્યું છે.

ભુજના જાગૃત નાગરિકોએ જણાવ્યું હતું કે, ભુજ શહેરનો વ્યાપ વધવાની સાથે શહેરમાં માનવ વસ્તી અને વાહનોની સંખ્યા પણ ઉતરોતર વધી છે. ભુજ શહેરના નવનિર્માણ વખતે મુખ્ય વિસ્તારો, ગામતળમાં પાર્કિંગ માટે ૩૬ જેટલા પ્લોટ આરક્ષિત કરવામાં આવ્યા હતા, પરંતુ આજે ભુજ શહેરના મોટાભાગના વિસ્તારોમાં પાર્કિંગ માટે વ્યવસ્થાનો અભાવ જોવા મળી રહ્યો છે.

લોકોને નાછુટકે પોતાના વાહનો રસ્તા પર જ ઉભા રાખવાની ફરજ પડે છે જેથી શહેરના ટ્રાફિકથી સતત ધમધમતા સ્ટેશન રોડ, હોસ્પિટલ રોડ, મુંદરા રોડ, જ્યુબિલી સર્કલ, છઠ્ઠીબારી રીંગ રોડ, અનમ રીંગ રોડ, ભીડ અને મુખ્ય બજાર વિસ્તારમાં આડેધડ પાર્ક થતા વાહનોના કારણે ટ્રાફિકજામની સમસ્યા શરદર્દ સમાન બની છે. ભુજ સુધરાઈ અને ભાડાના સતાધીશોના ઉદાસીન વલણના કારણે જિલ્લાનું પાટનગર ભુજ ટ્રાફિક સમસ્યાના ભરડામાં સપડાઈને રહી ગયું છે.

# કુકમામાં ડો. ભીમરાવ આંબેડકરની જન્મજયંતિ ઉજવાઈ

ભુજ : તાલુકા કુકમા ગામે ભારત રત્ન ડો. ભીમરાવ આંબેડકરની ૧૩૩મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી નિમિત્તે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, સ્થળ સ્વાર્જનિક ચોકથી લઈ અને આખા ગામમાં રેલી કાઢવામાં આવી જેમાં ગામના તમામ લોકોએ ભાગ લીધો હતો. કુકમા ગામ ના સરપંચ તથા પધર પોલીસ સ્ટેશનનો સહયોગ મળ્યો હતો.

કા..શ., એજન્સીએ કડક-પારદર્શક તપાસ કરી હો'ત

# - તો કાસેઝ સલગ્ન પીયુકોટેડ ફેબ્રીકના કરોડોના કૌભાંડનો થાત ભાંડાફોડ? : ધંધાકીય હરીફાઈમાં કોણે ખેલ પાડી દીધો?

**વિદેશથી આવેલા કપડા-ફેબ્રીકના પાંચ અટકાવાયેલા કન્ટઈનરની ઢીલી પડેલી તપાસ સામે ઉઠી રહયા છે અનેકવિધ સવાલો : એજન્સીએ કન્ટેઈનર બાજુ પર મુકાવી દીધા બાદ હવે તપાસ જો આગળ ધપાવાઈ હોત અને કાસેઝ તરફ જઈ રહેલા કન્ટેઈનર કયા યુનીટમાં જવાના હતા? કોણે મંગાવ્યા હતા? મુંબઈમાં બેઠા બેઠા આ કામો કરનારા શખ્સો કોણ છે?**

## કાસેઝના સુધીરનો ખરડાયેલો સમયકાળ યાદ કરાય તો હાલમાં મુંદરામાં અટકાવાયેલ ફેબ્રીકના પાંચ કન્ટેનરવાળા પ્રકરણમાં મુંદરા, ગાંધીધામ, કાસેઝ, મુંબઈ સુધીના સંકળાયેલા જૂના-નવા નેટવર્કનો પણ થાય ખુલાસો

- પીયુ કોટેડ ફેબીકના મિસડીકલેરેશનમાં પંકાયેલા અમુક **ગાંધીધામ-કંડલાના અમુક તત્વો કોણ?**
- હાલમાં જેના કન્ટેઈનર અટકાવાયા છે તે મુંબઈવાળા બે શખ્સો અગાઉ કાસેઝમાં બની બેઠેલ કયા ફેબ્રીકવાળા ભેજાબાજ શખ્સોના ઈશારે કરતા હતા કામ?
- કાસેઝની મીટીંગમાં યુનિટધારકોએ કયા પીઓની કનડગતો-ખાયકીઓ બાબતે કરી હતી ફરીયાદો?
- જે બાદ એ પીઓને મુંબઈ બદલાવી દીધો? અને પીઓએ રાજીનામું ધરી દીધુ પણતે નામંજુર કરાયુ હતુ?
- આ પીઓના વાળા ઘટનાક્રમોને ચકાસાશે તો પણ પીયુ કોટેડ

**ખાટલે મોટી ખોટ :** *તપાસનીશ એજન્સીએ કન્ટેનઈર બાજુ પર મુકાવયા, પાંચથી વધુ દીવસ સુધીતે સબંધિત કોઈ જ કામગીરી ન થવી અથવા તો રૂટીન ઈન્વેસટીગેશનનો ભાગ જ બતાવી દેવુ પણ બનીરહ્યુ છે શંકાપ્રેરક : જો જો ફરીથી અમદાવાદ-દિલ્હી નોઈડા જેવી એજન્સી મુંદરા-ગાંધીધામમાં ત્રાટકી ન જાય..!*

ગાધીધામ : તાજેતરમા જએક એજન્સી મુંદરામાં વોચમાં હતી અને તેમને ચોકકસ બાતમીના આધારે વિદેશથી આવેલા કન્ટેનરોની ચકાસણી કરતા ફેબ્રીક ડીકલેર કરેલા કન્સાઈનમેન્ટમાં ઈલેકટ્રોનીકસ સાધનો નીકળી પડયા હોવાની ચર્ચા છે. આશંકા પ્રેરે છે કે, આ કન્સાઈનમેન્ટ પકડી પાડયા બાદ હવે તેમાં કોઈ જ સત્તાવાર તપાસ આગળ ધપતી નથી તે વચ્ચે જ જાણકારો દ્વારા મોટા સુચક ઈશારોકરવામાં આવી રહ્યા છે.

આ બાબતે અંતરંગ વર્તુળોની જો વાત માનીએ તો એજન્સી દ્વારા મુદરામાં આજથી પાંચ-સાત દીવસ પહેલા જે પાંચેક જેટલા કન્ટેઈનરો જેમા ફેબ્રીક ડીકલેર કરી અને ઈલેકટ્રોનીકસ સાધનો આવ્યા હોવાનીવાત સામે આવી રહી છે તેને જોતા કહેવાય છે કે, આ સમગ્ર પ્રકરણમાં તપાસનીશ એજન્સી કોણ છે તે ખુલ્લીને સામે આવ્યુ નથી પરંતુ એજન્સીએ આજથી પાંચેક દીવસ પહેલા પાંચ કન્ટેઈનર અટકાવાયા હતા તો તેની તપાસ કેવાકારણોસર બ્રેક લાગી જવા પામ્યો છે? કહેવાય છે કે, આ પ્રકરણમાં મુંબઈના બે શખ્સોના નામો ચર્ચામા આવી રહ્યા છે. મુંબઈના જે બે શખ્સોની વાત આવે છે તે હકીકતમાં તો અગાઉ કાસેઝ અને કંડલા સંકુલમાં કાર્યરત રહેલા હોવાનુ મનાય છે. જો ઉંડી તપાસ આ આખાય પ્રકરણની તટસ્થાપૂર્વક કરવામા આવશે તો કહેવાય છે કે, કાસેઝમાં જ અમુક બની બેઠેલ ફેકીના વેપારીનો જ દોરીસંચાર જ હોય તેમ ખુલવાપામી શકે છે.

વાત સહેજ વિગતે કરીએ તો કાસેજમાં આજથી એકાદ બે વર્ષ પહેલા ફિબ્રકના અમુક બની બેઠેલ વેપારી દ્વારા મુંબઈના બે શખ્સોને હાથો બનાવીઅને તેનુ લાયસન્સમેળવી અને પીયુકોટેડ ફેબીકમાં પીયુસીકોટેડ કે જે બન્ને વચ્ચે ડયુટીતો તગડોફેર આવતો હોય છે તેનો ધીકતો ધંધો કરી રહ્યા હતા. પરંતુ વાત એમ બની કે, મુંબઈનો જ એક પીઓ કાસેજમાં તે વખતે સેવારત હતોઅનેઆ રીતની ચોરીનો મુકપ્રેક્ષક બનીને બેઠો હતો. અને તે વખતે મુંબઈના આ પીઓએ કાસેઝના મુળ વેપારી જે મુંબઈના બે વચેટીયા શખ્સો મારફતે ધંધો કરતા હતા તે મુંબઈના જ બે શખ્સોને સામેથી બોલાવી અને પીયુ ફેબ્રીક ડયુટીચોરી માટેનુ લાયન્સ તેઓએ અલગથી જ લઈ લેવાને માટે પ્રેરણા આપી દીધી હતી અને તે અનુસાર જ કામ ચાલુ કરીદીધુ હતુ. જે બાદ કાસેજના પીયુના તે મુળ વેપારી ટોળકીનો ધંધો તેમના તાબા હેઠળ જ કામ કરનારા બે શખ્સો તેમનાથી એક પીઓની મદદથી છીનવી જતા રઘવાયા બની ગયા હતા અને બસતે બાદ એ જે-તે પીઓની પાછળ હાથ ધોઈને આ કાસેઝનોપીઓનો મુળ વેપારી પડી ગયો હતો અને તેની ફરીયાદોકરી હતી. તે પીઓની જોગાનુ જોગ ફરીયાદો ટ્રેડ મારફતે પણ ઘણી બધી તે સમયે થવા પામી ગઈ હતી. એવામાં પીઓને ધ્યાને આવી જતા તેણે રાજનામુ ધરી દીધુ હતુ પરંતુ તેન સામેવિજિલન્સ ચાલી રહી હોવાથી તેનુ રાજીનામુ પ્રશાસને મંજુર કર્યુ ન હતુ. બસ આ આખોય ડખ્ખો ત્યાથી જ ચાલી રહ્યો છે. અને હાલમાં પણ મુંબઈના બે શખ્સો દ્વારા વિદેશથી મુંદરા મધ્યે જે ફેબીકની આડમાં ઈલેકટ્રોનીક સાધનો મંગાવ્યા હોવાના કન્સાઈનમેન્ટ માં પણથવા પામ્યુ છે. મુંબઈવાળા બે શખ્સોએધંધો ડાયરેકટર કરી લેતા કાસેઝના એક ફેબ્રીકના બની બેઠેલા વેપારીના પેટમાં તેલ રેડાયુ અને આ પાંચ કન્ટેઈનરોની બાતમી અધિકારીઓને આપી અને મુદરામાં તેને અટકાવી દીધા છે. જો કે, અહી તપાસનીશ એજન્સીના બે હાથમાં લાડુ થવા પામી ગયા છે. બાતમીનો ધંધાકીય હરીફાઈમાં મળી જ ગઈ છે હવે કયા પક્ષે કોણ તેમને કેટલુ વજન આપી શકે છે તેની મુલવણી તો કયાંક નથી હાલતી ને? શું અટલા માટે જ તો આ પાંચ કન્ટેઈનરો અટકાવી અને હવે તેની તપાસ આગળ નથીધપાવાતીએવુ તો નથી ને?

**ધંધાકીય હરિફાઈમાં બાતમી મળી હોવાથી તો તપાસનીશ એજન્સી માટે બગાસા ખાતું પતાસું જ બન્યું છે કે શું ? અને એટલે જ તપાસનીશ એજન્સી નિરાંતે તપાસ ચલાવી રહી હોય તેવું નથી ને ?**

## માનકૂવા નજીક ટ્રકની ટક્કરે બાઈક ચાલક યુવાનનું મોત

ભુજઃ તાલુકાના માનકૂવા નજીક રવિવારે રાત્રે સાડા દસ વાગ્યાના અરસામાં અકસ્માતનો બનાવ બન્યો હતો. જેમાં ટ્રકની ટક્કરે બાઈક ચાલક યુવાનનું મોત થયું હતું.

જી.કે. જનરલ હોસ્પિટલ ચોકીએથી જાણવા મળેલી માહિતી મુજબ નખત્રાણા તાલુકાના વડવા કાયા ગામના ૧૭ વર્ષિય ચેતન શાંતિલાલ કોલી બાઈક લઈને વડવા કાંયાથી મિરજાપર આવતા હતા ત્યારે માનકૂવા પાસે ટ્રક નં. જીજે૧૨-સીટી-૮૧૯૮ સાથે ટક્કર થતા ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું. જી.કે. જનરલમાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે માનકૂવા પોલીસે નોંધ દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાતના સમયે માર્ગો પર ભારે વાહન બેફામ અવર-જવર કરે છે તેમજ હેડલાઈટ પણ ડાઉન કરવામાં આવતી નથી. જેના કારણે મોપેડ પર જતા વાહન ચાલકોને વધુ સાવધાની રાખવી પડે છે. ડિપર આપવા છતા હેડલાઈટ ડાઉન કરવામાં નથી આવતી અને માર્ગો પર અંધારા વચ્ચે અચાનક આવતા ખાડા પણ જીવલેણ સાબીત થાય છે.

શ્રી કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશન

જનરલ સભા

તા. ૨૫/૦૪/૨૦૨૪, ગુરૂવારના સાંજે ૪:૩૦ કલાકે સંસ્થાના ગ્રાઉન્ડ કુકમા બાયપાસ મધ્યે નીચે મુજબના એજન્ડા માટે જનરલ સભાનું આયોજન કરેલ છે. તેમાં દરેક ટ્રક માલિકો તથા લિગ્નાઈટ પરિવહન સાથે સંકળાયેલ સંસ્થાઓએ ઉપસ્થિત રહેવા વિનંતી.

(૧) હિસાબનું વાંચન
(૨) સંસ્થાની કામગીરીનો અહેવાલ
(૩) મુદ્દત પુરી થતા પ્રમુખનું ઉદ્બોધન
(૪) હોદ્દેદારની મુદ્દત પુરી થતી હોઈ નવા હોદ્દેદારની વરણી
(૫) આભાર પ્રસ્તાવ

ઉપપ્રમુખ રાજેશ આહીર
ઉપપ્રમુખ ખેંગાર પબા રબારી
ઉપપ્રમુખ મહેન્દ્રસિંહ જાડેજા
મંત્રી હરિભાઈ પટેલ
પ્રમુખ નવઘણ વી. આહિર

-:: સ્થળ ::-
કુકમા-લાખોંદ રોડ, ખમીર સંસ્થાની બાજુમાં
સર્વે નં. ૩૯/૧, કુકમા બાયપાસ, ભુજ-કચ્છ.

માત્ર નકશામાં જ રહ્યા શહેરના પાર્કિંગ પ્લોટ

# ભાડા અને શહેર સુધરાઈના પાપે ભુજને ટ્રાફિક સમસ્યાનો ભરડો

**જિલ્લા મથકમાં થઈ રહેલા નવા કોમર્શિયલ બાંધકામોમાં પાર્કિંગ સ્પેશના નિયમની અનદેખી : રાજકીય વગ ધરાવતા બિલ્ડરોના નિયમ વિરૂધ્ધના બાંધકામોને મળી જાય છે મંજૂરી**

**વિનાશક ભૂકંપ બાદ નવનિર્માણ વખતે ભાડાએ સૂચવેલા ગામતળના ૩૫ પાર્કિંગ પ્લોટ પર ખડકાઈ ગયા દબાણ : વર્ષ ૨૦૧૫માં ભાડાએ ભુજ સુધરાઈને સોંપી આપેલા પાર્કિંગ પ્લોટ માત્ર નકશામાં જ રહ્યા મોજુદ : તાજેતરમાં ભુજમાં થઈ રહેલા કોમર્શિયલ પ્લોટના બાંધકામમાં પાર્કિંગ પ્લોટનો અન્ય ઉપયોગ કરી દેતા શહેરમાં સર્જાય છે ટ્રાફીક જામ....: ભુજના પ્રાંત અને એડી. કલેકટર મનીષ ગુરનાણીએ જ્યુબિલી સહિત પાર્કિંગ પ્લોટ ખાલી કરાવ્યા હતા..**


ફાઈલ તસવીર

ભુજ : કચ્છના જિલ્લા મથક ભુજ શહેરમાં આડેધડ પાર્કિંગ અને ટ્રાફિકજામની સમસ્યા રોજિંદી બની ગઈ છે. ભુજ શહેરમાં પાર્કિંગની યોગ્ય વ્યવસ્થાના અભાવે લોકોને ભારે હાલાકી ઉઠાવવી પડે છે. છેલ્લા બે-અઢી દાયકાથી સતત વિકસી રહેલા ભુજ શહેરમાં વાહનો અને વસ્તીમાં વધારો થયો છે, પરંતુ તેની સરખામણીએ પાર્કિંગની સુવિધા વધવાના બદલે ઘટી છે. ભુજ શહેરમાં હાલ વસ્તીથી વધુ કોમર્શિયલ બાંધકામ થઈ રહ્યા છે જે વિકાસ પામી રહેલા શહેરની વ્યાખ્યામાં આવી આવે છે. ત્યારે ટ્રાફીક સહિતના પ્રશ્નોનું ઉકેલ જરૂરી છે તેવું તંત્ર ધ્યાને લેતો નથી. ભુજ શહેરના હોસ્પિટલ રોડ, મુંદરા રોડ, જ્યુબિલી ગ્રાઉન્ડ, કોલેજ રોડ, એરપોર્ટ રોડ, સ્ટેશન રોડ કે મુખ્ય બજાર જેવા વિસ્તારોમાં પાર્કિંગ વ્યવસ્થાના અભાવે ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ રહી છે. લોકો દ્વારા રસ્તા પર જ આડેધડ પાર્ક થતા વાહનો અને કાચા-પાકા દબાણોના કારણે સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે.

વર્ષ ૨૦૦૧માં આવેલા વિનાશકારી ભૂકંપમાં ધ્વશં થયેલા ભુજ શહેરનું નવનિર્માણ થયું છે. ભવિષ્યને ધ્યાને રાખી જરૂરી સુવિધાઓ સાથે શહેરનું સુનિયોજીત નિર્માણ થાય તે હેતુસર ભુજ એરિયા ડેવલોપમેન્ટ ઓથોરીટી એટલે કે ભાડાની રચના કરવામાં આવી હતી. જે-તે સમયે ભાડાએ ભુજ શહેરના સૂચિત પ્લાનમાં ગામતળની આઠ ટીપી સ્કીમમાં ૩૬ પાર્કિંગ પ્લોટ બનાવ્યા હતા. ગામતળના પાર્કિંગ પ્લોટની જવાબદારી

અનુસંધાન પાના નં.૫ પર

## સલમાન ઘર બહાર ફાયરીંગ કેસ : કચ્છથી ઝડપાયેલ શાર્પ સુટર્સની કેફિયત બાદ આજે સુરતમાં તપાસનો ધમધમાટ : એન્કાઉન્ટર સ્પેશ્યાલીસ્ટ નાયક મેદાનમાં

**શાર્પસુટર્સના રીવોલ્વરની સુરત તાપી નદીમાં શોધખોળ શરૂ**





**એન્કાઉન્ટર સ્પેશ્યાલીસ્ટ દયા નાયક સહીત મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ અને સુરતની સ્થાનિક પોલીસને સાથે રાખી અને રીવોલ્વર તાણી નથીમાં કયા ફેકાઈ છે, તેની સ્થળ પર તપાસ બની તેજ : પોલીસ કાફલો આજે સવારથી જ રેલવે બ્રીજ પર ઉતરી પડયો**

ગાંધીધામ : બોલીવુડ અભિનેતા સલમાનખાનના ઘરે ગત રવિવારે સાંજે પાંચ વાગ્યે બે શાર્પ શુર્ટસ દ્વારા ફાયરીંગ કરવામા આવ્યુ હતુ અને તે ઘટનાના તાર કચ્છના માતાના મઢ વિસ્તારથી લઈ સુરત અને અમેરીકા-કેનેડા-પોર્ટુગલ સહિત સુધી લંબાઈ જવા પામ્યા હતા. ખુબજ ગંભીરતાથી આ કેસની તપાસ ચાલી રહી છે ત્યારે હવે શાર્પ શુર્ટસ અપાયેલી કેફિયત બાદ આજ રોજ આ કાંડની તપાસ હવે સુરતમાં કેન્દ્રિત થવા પામી હોવાનુ માલુમ પડી રહ્યું છે. આ બાબતે મળતી વધુ વીગતો અનુસાર મુંબઈ ક્રાઈમ બ્રાંચ પોલીસ અને એન્કાઉન્ટર સ્પેશ્યાલીસ્ટ તરીકે જાણીતા દયાનાયક સહિતના અધિકારીઓ આજ રોજ સુરત રેલવે બ્રીજ પર ઉતરી પડયા છે. મુંબઈ ક્રાઈમ બ્રાંચની સાથે સુરતની સ્થાનિક પોલીસ પણ અહી તેમની સાથે આ તપાસ અને શોધખોળમાં ઉતરી હોવાના અહેવાલો સામે આવવા પામી રહ્ય ાછે.

નોધનીય છે કે, સલામન ખાનના ઘરની બહાર ફાયરીંગ કરનારા બે શખ્સો કચ્છના છેવાડાના માતાના મઢ વિસ્તારમાથી ઝડપી પાડવામા અવ્યા હતા અને તેઓની પ્રાથમિક પુછતાછમાં એવો ખુલાસો અને કેફિયત સામે આવી હતી કે તેઓએ ફાયરીંગ કરી અને રેલવે મારફતે જયારે ભુજ તરફ આવી રહ્યા હતા ત્યારે સુરતના તાપી રેવલે બ્રીજથી તાપી નદીમાં રીવોલ્વર ફેકી દીધી હતી અને તેના અનુસંધાને જ આજ રોજ સવારથી જ સુરત તાપી નદી પર રીવોલવર હથીયારને શોધવાની દિશામાં તપાસનીશ ટીમો ઉતરી પડી છે. આખાય પ્રકરણમાં હથીયાર હાથે લાગે તો તપાસનો દોર વધારે આગળ ધપી શકે તેમ છે અને વધુ કેટલાક ખુલાસાઓ થવા પામી શકે. જો કે, નદીમાં ફેંકી દેવાયેલી રીવોલ્વરની કેફીયત કેટલી સાચી છે અને તે સાચી છે તો તેને શોધવી પણ એક મોટો પડકાર જ બની રહે તેમ છે. હવે જોવાનુ રહ્યુ કે, આજ રોજ સુરતમાં તપાસમાં ઉતરી પડેલી ટીમો હથિયાર શોધવામાં કેટલી સફળ થાય છે?